**આજનો સુવિચાર**

સંઘર્ષમાં માણસ એકલો હોય છે અને સફળતામાં દુનિયા તેની સાથે હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૮૫ જૂનાગઢ તા.૨૨-૦૩-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 85, Junagadh : Date : 22 March, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay



# કેજરીવાલે સુપ્રિમ કોર્ટમાંથી અરજી પાછી ખેંચી હવે ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર તમામની મીટ

નવી દિલ્હી તા. ૨૨ : ગતરાત્રે ઈડી દ્વારા કેજરીવાલની ધરપકડ કરવામાં આવ્યા બાદ દિલ્હીનાં રાજકીય તપ્તા પર ગરમીનો પારો ઉંચો ચડી ગયો છે અને એક પછી એક નાટયાત્મક ઘટનાક્રમો બની રહયા છે. કેજરીવાલની ધરપકડ મામલે ઈડીને અટકાવવા મામલે આમઆદમી પાર્ટી દ્વારા સુપ્રિમ કોર્ટમાં તાત્કાલીક સુનાવણીની માંગણી સાથે અરજી કરવામાં આવી હતી જેમાં કેજરીવાલની ધરપકડને પડકારવામાં આવી હતી. પરંતુ અરજી દાખલ કર્યા બાદ સુપ્રિમ કોર્ટનાં વરીષ્ઠ વકીલ અને કોંગ્રેસનાં વરીષ્ઠ નેતા અભિષેક મનુ સિંઘવીએ સુપ્રિમ કોર્ટમાંથી અરજી પાછી ખેચી લીધી હતી અને પીએમએલએ ટ્રાયલ કોર્ટની કાર્યવાહી પર જ કાનૂની લડાઈ આપવાની વ્યુહરચના અપનાવી છે. આમ સીધા જ સુપ્રિમ કોર્ટમાં જવાને બદલે ટ્રાયલ કોર્ટમાં કાનૂની કાર્યવાહી કરવાની વ્યુહરચના અપનાવવામાં આવી છે. સુત્રો એવું પણ જણાવી રહયા છે કે, આજે બપોર બાદ સુપ્રિમ કોર્ટમાં નવી અરજી દાખલ પણ કરી શકાય છે. હવે ટ્રાયલ કોર્ટ દ્વારા કેજરીવાલનાં કેસમાં ઈડીની રીમાન્ડની માંગણીને સ્વીકારવામાં આવશે કે નહી ? તેના પર ધ્યાન કેન્દ્રીત થયું છે. કેજરીવાલની ધરપકડ બાદ આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે આરપારની લડાઈ શરૂ થઈ ગઈ છે.

## અફઘાનીસ્તાનમાં કંદહારની બેંકમાં પ્રચંડ બોંબ વિસ્ફોટ ૨૧નાં મોત

કંદહાર તા. ૨૨

અફઘાનિસ્તાનના બીજા નંબરનાં મોટા શહેર કંદહારમાં તાલિબાનોને નિશાન બનાવવા બેંકમાં થયેલા આત્મઘાતી બોમ્બ વિસ્ફોટની જવાબદારી આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટ (આઈએસ)એ લીધી છે.

આ ભયાનક હુમલામાં ૨૧ લોકોનાં મોત થયા છે અને ૫૦ ઘાયલ કયા છે. બેંકની શાખામાં વિસ્ફોટ કરવામાં આવ્યો ત્યારે સરકારી કર્મચારીઓ પોતાનો પગાર લેવા માટે કતારમાં ઉભા હતા. આઈએસની ન્યૂઝ એજન્સી અમાકનું કહેવું છે કે આત્મઘાતી હુમલાખોરે ૧૫૦ તાલિબાન સભ્યો વચ્ચે પોતાની જાતને ફૂંકી મારી વિસ્ફોટ કર્યા હતા. અફઘાનિસ્તાનમાં આ વર્ષનો આ સૌથી મોટો વિસ્ફોટ છે. જો કે તાલિબાન સરકારે મૃતકોની સંખ્યા માત્ર ત્રણ જ ગણાવી છે, પરંતુ કંદહારની સૌથી મોટી હોસ્પિટલ એક ડોક્ટરે નામ નહી આપવાની શરતે જણાવ્યું કે વિસ્ફોટમાં ૨૧ લોકોના મોત થયા છે અને ઓછામાં ઓછા ૫૦ લોકો ઘાયલ થયા છે.

## સોમનાથ-દ્વારકા-અંબાજી માટે ફલાઈટ શરૂ થશે

નવી દિલ્હી,તા. ૨૨:સોમનાથ, દ્વારકા અને અંબાજી જેવા મુખ્ય સ્થળો પર ધાર્મિક પ્રવાસનની સુવિધા વધારવા માટે, GUJSAIL (ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ) યોજના હેઠળ રાજય-રાજય કનેક્ટિવિટી ફલાઈટ્સ શરૂ કરવા તૈયાર છે. આ ફલાઈટ્સ નવેમ્બર કે ડિસેમ્બર સુધીમાં કાર્યરત થવાની શક્યતા છે. ગુજરાત તેના ધાર્મિક સ્થળોએ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આકર્ષે છે. આને ધ્યાનમાં લઈને, ગુજસેલ અમદાવાદ અને વડોદરાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપરાંત સોમનાથ, દ્વારકા અને અંબાજી જેવા મુખ્ય ધાર્મિક કેન્દ્રો માટે ફલાઈટ્સ શરૂ કરશે.

અમદાવાદ અને વડોદરાથી કેશોદ, પોરબંદર, રાજકોટ, અમરેલી, ભુજ, અંબાજી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ટૂંક સમયમાં સેવા શરૂ કરવાની યોજના સાથે ફલાઈટ શરૂ કરવા ખાનગી ઓપરેટરો પાસેથી દરખાસ્તોની વિનંતી કરી છે.

## બિહારમાં વધુ એક પુલ ધરાશયી

પટના તા. ૨૨

બિહારના સુપોલના બકોરમાં આજે સવારે એક પુલનો હિસ્સો તૂટી પડતાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. સંખ્યાબંધ મજૂરો દટાયા છે. એક શ્રમિકની લાશ બહાર કાઢવામાં આવી છે. લોકોની ભીડ ઉમટી પડી હતી. સૌથી પહેલાં કાટમાળ નીચે દટાયેલા મજૂરોને બચાવવા પ્રયાસ થઈ રહ્યો છે. કેટલાક મજૂરોને હોસ્પિટલ ખસેડાયા છે. આ બ્રિજ ભારતનો નિર્માણ આધીન સૌથી મોટો પુલ ગણવામાં આવી રહ્યો છે.

## દિલ્હી પોલીસ છાવણીમાં ફેરવાયું : આપનાં કાર્યકરો દ્વારા દેશવ્યાપી વ્યાપક વિરોધ પ્રદર્શન



નવી દિલ્હી, તા.૨૨: ઈડી દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ દિલ્હી પોલીસ એલર્ટ મોડ છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કડક સુરક્ષા બંદોબસ્ત તૈનાત છે. પોલીસે મોટાભાગના વિસ્તારોમાં બંદોબસ્ત ગોઠવી દીધો છે. તેમજ દિલ્હીમાં સંવેદનશીલ સ્થળો પર કડક પોલીસ બંદોબસ્ત છે. દિલ્હી પોલીસે સ્પષ્ટ કર્યું છે કે કાયદો અને વ્યવસ્થાને પોતાના હાથમાં લેનારાઓ સામે પોલીસ કડક કાર્યવાહી કરશે. આમ આદમી પાર્ટીએ અરવિંદ કેજરીવાલની ધરપકડની કાર્યવાહી સામે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે અને આ મામલે આજે સુનાવણી થવાની છે.અધિકારીઓએ જણાવ્યું કે ઈડી મુખ્ય પ્રધાનને કોર્ટમાં રજૂ કરશે અને પૂછપરછ માટે તેમની કસ્ટડીની વિનંતી કરશે.

દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં ગુરુવારે એટલે કે ૨૧ માર્ચ ૨૦૨૪ના રોજ ઈડી દ્વારા સીએમ અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ દિલ્હીમાં અરાજકતાનું વાતાવરણ છે. શુક્રવારે સવારથી દિલ્હીમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો અને નેતાઓ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. આમ આદમી પાર્ટીએ અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ દેશવ્યાપી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી છે. આ ઉપરાંત ઈન્ડિયા બ્લોકમાં સામેલ રાજકીય પક્ષોને પણ વિરોધમાં સામેલ થવાની અપીલ કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ આમ આદમી પાર્ટીએ શુક્રવારે ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય પર પ્રદર્શન કરવાની પણ જાહેરાત કરી છે. પાર્ટી કાર્યકર્તાઓને મોટા પાયે પ્રદર્શનમાં જોડાવા માટે કહેવામાં આવ્યું છે.

## કેજરીવાલની ધરપકડને વિપક્ષો ચૂંટણી મુદો બનાવશે

નવી દિલ્હી, તા.૨૨: દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી છે તો અપેક્ષા મુજબ સમગ્ર વિપક્ષ કેજરીવાલનાં સમર્થનમાં આવ્યા છે.

હવે વિપક્ષ સામાન્ય ચૂંટણીમાં જનતા વચ્ચે આ મુદ્દો ઉઠાવશે કે કેન્દ્ર સરકાર વિપક્ષને પરેશાન કરી રહી છે. તાજેતરના દિવસોમાં કેજરીવાલ ઉપરાંત ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ સિવાય અન્ય ઘણા નેતાઓ તપાસ એજન્સીના સ્કેનર હેઠળ છે. વિપક્ષનો આરોપ છે કે તપાસ એજન્સીઓ સરકારને નિશાન બનાવીને તેમના નેતાઓ અને સંસાધનો પર હુમલો કરી રહી છે. વિપક્ષનાં તમામ ટોચનાં નેતાઓ, પ્રવકતાઓએ કેજરીવાલની ધરપકડને વખોડી કાઢી છે અને ભાજપ પર લોકશાહીને નાશ કરવાનો આરોપ લગાવ્યો છે. વિપક્ષોએ જણાવ્યું છે કે ભાજપનો ત્રણ મુદાનો એજન્ડા છે જેમાં જે ભાજપનો વિરોધ કરશે તેને જેલના સળીયા પાછળ જવું પડશે, તેના ભંડોળનો નાશ કરવામાં આવશે, બિનભાજપ સરકારોને કોઈપણ રીતે ઉથલાવી દેવી. જયારે ભાજપનાં પ્રવકતાઓએ વિપક્ષનાં આક્ષેપોને ફગાવી દેતા કહયું છે કે, જો કેજરીવાલ નિર્દોષ હોય તો તેમણે તેમને નિર્દોષ સાબીત કેમ નથી કરતા?

## ઈડીએ PMLA કાયદા હેઠળ ધરપકડ કરી જેમાં સરળતાથી જામીન નથી મળતા

નવી દિલ્હી, તા.૨૨: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ગુરુવારે PMLA હેઠળ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસની તપાસના સંબંધમાં ધરપકડ કરી હતી. કેજરીવાલને આજે વિશેષ PMLA કોર્ટમાં રજૂ કરવામાં આવશે અને ઈડી પૂછપરછ માટે તેમની કસ્ટડી માંગશે. દિલ્હીના મુખ્યમંત્રીએ ગુરુવારે મોડી રાત્રે પોતાની ધરપકડને પડકારતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટ પણ આજે આ મામલે સુનાવણી કરશે.

વાસ્તવમાં જે કાયદા હેઠળ અરવિંદ કેજરીવાલ (પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨)ની ધરપકડ કરી છે તેમાં જામીન મળવા ખૂબ જ મુશ્કેલ છે. આ કાયદો વર્ષ ૨૦૦૨માં પસાર કરવામાં આવ્યો હતો અને ૧ જુલાઈ, ૨૦૦૫ના રોજ અમલમાં આવ્યો હતો. આ કાયદાનો મુખ્ય ઉદ્દેશ્ય મની લોન્ડરિંગ અટકાવવાનો છે. વર્ષ ૨૦૧૨માં PMLAમાં સુધારો કરીને બેંકો, મ્યુચ્યુઅલ ફંડ અને વીમા કંપનીઓને પણ તેના દાયરામાં લાવવામાં આવી હતી.

આ કાયદાની કલમ ૪૫માં આરોપીના જામીન માટે બે કડક શરતો છે. PMLA હેઠળના તમામ ગુનાઓ કોગ્નિઝેબલ અને બિનજામીનપાત્ર હશે. આ કાયદામાં આગોતરા જામીનની જોગવાઈ નથી. PMLA એક્ટ હેઠળ ઈડી પાસે વોરંટ વિના આરોપીની જગ્યાની તપાસ કરવાની અને તેની ધરપકડ કરવાની અમુક શરતોને આધીન મિલકત જપ્ત કરવા અને જપ્ત કરવાની સત્તા છે. PMLA હેઠળ ધરપકડ કરાયેલ વ્યક્તિએ કોર્ટમાં સાબિત કરવું પડશે કે તેની સામેના આરોપો પાયાવિહોણા છે. જેલમાં રહીને આરોપી માટે પોતાને નિર્દોષ સાબિત કરવું સહેલું નથી.

## ગોલ્ડ લોનનો વધતો ટ્રેન્ડ : ભારતમાં લોકોએ ૫૩ કરોડ તોલા સોનુ ગિરવે મુકયું

નવી દિલ્હી,તા.૨૨

રિઝર્વ બેંક તરફથી સોના અંગેનો રિપોર્ટ આવ્યો છે. કહેવાય છે કે ૫૩ કરોડ તોલા (અહીં તોલા એટલે ૧૦ ગ્રામ)ની લોન અથવા ૫૩,૦૦,૦૦૦ કિલો સોનું ગીરવે લેવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર, હાલમાં દેશમાં ગોલ્ડ લોન માર્કેટ લગભગ ૧૫ લાખ કરોડ રૂપિયાનું છે. છેલ્લા એક વર્ષમાં તેમાં ૧૭ ટકાનો વધારો થયો છે.વર્ષ ૨૦૨૯ સુધી તે વાર્ષિક ૧૨.૨૨ ટકાના દરે વૃદ્ધિ પામશે. હવે ઘણી NBFC ગોલ્ડ લોનના ક્ષેત્રમાં આવી છે. ઘણી બેંકો ગોલ્ડ લોન પણ આપે છે. ત્યારે પણ દેશના ગોલ્ડ લોન માર્કેટમાં સંગઠિત ક્ષેત્રનો હિસ્સો ૫૦ ટકાથી ઓછો છે. રિપોર્ટ અનુસાર, હાલમાં સંગઠિત ક્ષેત્રે ગોલ્ડ લોન માર્કેટમાં ૪૦ ટકા માર્કેટ કબજે કર્યું છે.

## જલ વાયુ પરિવર્તન : વર્તમાન સદીનાં અંત સુધીમાં ભીષણ ગરમીથી ૧.૧૫ કરોડ લોકોનાં મોત થશે



વોશિંગ્ટન (અમેરિકા), તા.૨૨

વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જનના સ્તરમાં વૃદ્ધિથી જલવાયુમાં પરિવર્તન આવી રહ્યું છે. એક અધ્યયન અનુસાર જીવાશ્મ ઈંધણના ઉત્સર્જનથી સદીના અંત સુધીમાં અત્યધીક ગરમીથી ૧.૧૫ કરોડ લોકોના મૃત્યુ થઈ જશે. આ દાવો અમેરિકાની પર્યાવરણ સંસ્થા ગ્લોબલ વિટનેસ અને કોલંબિયા વિશ્વ વિદ્યાલયના વૈજ્ઞાનિકોએ કર્યો છે.

તેમના અનુસાર દુનિયાની મુખ્ય જીવાશ્મ ઈંધણ કંપનીઓ દ્વારા તેલ અને ગેસનું અપર્યાપ્ત માત્રામાં ઉત્સર્જન કરવામાં આવી રહ્યું છે. જો ૨૦૫૦ સુધી ઉત્સર્જનનું સ્તર ન ઘટ્યું તો ૨૧૦૦ સુધીમાં ગરમી પોતાના ઘાતક સ્વરૂપે પહોંચી જશે. જેથી લાખો લોકોના જીવનો ખતરો છે.

સંશોધકોના અનુસાર જીવાશ્મ ઈંધણના ઉત્સર્જનથી ગરમીના સ્તરમાં ૦.૧ ડીગ્રી સેલ્સીયસનો વધારો ખતરનાક રહેશે. કોલંબીયા વિવિના કાર્બન મોડેલથી બહાર આવ્યું કે પ્રત્યેક મિલિયન ટન કાર્બનમાં વધારાથી દુનિયાભરમાં ૨૨૬થી વધુ હીટવેવની ઘટનાઓ બનશે. જીવાશ્મ ઈંધણથી કાર્બન ઉત્સર્જનના મામલામાં હાલમાં ચીન સૌથી ઉપર છે. તે કુલ ઉત્સર્જનના ૩૧ ટકા માટે જવાબદાર છે. ત્યારબાદ અમેરિકા ૨૬ ટકા અને રશિયા ૨૩ ટકા માટે જવાબદાર છે. યુરોપીય દેશોમાં સ્થાપિત તેલ કંપનીઓથી કાર્બન ઉત્સર્જન થઈ રહ્યું છે એથી ઉત્પાદીત જીવાશ્મ ઈંધણથી ૨૦૫૦ સુધી વાયુમંડળમાં ૫૧ અબજ ટન કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જન વધી જશે. જયારે શુદ્ધ શૂન્ય લક્ષ્યની પ્રાપ્તિ બાદ પણ ૫૫ લાખ લોકોમાં જીવ જશે.

હીટવેવ કે ગરમીની સૌથી વધુ અસર ગરીબ અને નબળા લોકો પર થશે. બેઘર લોકો, બહાર કામ કરતા લોકો અને વૃદ્ધોને વધુ મુશ્કેલી પડી શકે છે.

## કેજરીવાલ જેલમાંથી સરકાર ચલાવી શકશે કે રાજીનામુ આપવું પડશે ?

નવી દિલ્હી, તા.૨૨: અરવિંદ કેજરીવાલ એવા પહેલા મુખ્યમંત્રી છે જેમની ઓફિસમાં રહીને ધરપકડ કરવામાં આવી છે. તેમની પહેલાં, આજ વર્ષે, ઝારખંડના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હેમંત સોરેનની પણ ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ તેમની ધરપકડ પહેલા તેમણે રાજીનામું આપી દીધું હતું. આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રી કેજરીવાલની ધરપકડને રાજકીય કાવતરું ગણાવ્યું છે. તમામ વિરોધ પક્ષોએ પણ તેને ખોટું ગણાવ્યું છે.

જો કે, દિલ્હી સરકારના મંત્રી આતિશીએ કહ્યું કે અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી હતા, છે અને રહેશે.

આતિશીએ કહ્યું, અમે પહેલા જ કહ્યું છે કે જો જરૂર પડશે તો કેજરીવાલ દિલ્હીથી સરકાર ચલાવશે. તેઓ જેલ સરકાર ચલાવી શકે છે અને કોઈ નિયમ તેમને આમ કરતા રોકી શકે નહીં. તેમને દોષિત ઠેરવવામાં આવ્યા નથી, તેથી તેઓ દિલ્હીના મુખ્ય પ્રધાન રહેશે.

અગાઉ ગત વર્ષે નવેમ્બરમાં જ્યારે ઈડીએ કેજરીવાલને પહેલું સમન્સ જારી કર્યું હતું ત્યારે આમ આદમી પાર્ટીના નેતાઓએ પણ તેમની ધરપકડની આશંકા વ્યક્ત કરી હતી. તે સમયે પણ પાર્ટીના નેતાઓએ કહ્યું હતું કે કેજરીવાલ જેલમાંથી જ સરકાર ચલાવશે. જેલમાંથી સરકાર ચલાવવી થોડી અતાર્કિક લાગે છે, પરંતુ મુખ્યમંત્રીને આમ કરતા રોકી શકે એવો કોઈ કાયદો કે નિયમ નથી.

તેમ છતાં કેજરીવાલ માટે જેલમાંથી સરકાર ચલાવવી મુશ્કેલ છે. વાસ્તવમાં જ્યારે પણ કેદી આવે છે ત્યારે તેણે ત્યાં જેલ મેન્યુઅલનું પાલન કરવું પડે છે. જેલની અંદર, દરેક કેદીના તમામ વિશેષાધિકારો ખોવાઈ જાય છે, પછી ભલે તે અન્ડરટ્રાયલ કેદી હોય. જો કે, મૂળભૂત અધિકારો યથાવત રહે છે.

જેલમાં દરેક કામ વ્યવસ્થિત રીતે થાય છે. જેલ મેન્યુઅલ મુજબ જેલમાં દરેક કેદીને તેના સંબંધીઓ અથવા મિત્રોને અઠવાડિયામાં બે વાર મળવાની છૂટ છે. દરેક મીટીંગનો સમય પણ અડધો કલાકનો છે. આટલું જ નહીં, જેલમાં બંધ નેતા ચૂંટણી લડી શકે છે અને ગળહની કાર્યવાહીમાં પણ ભાગ લઈ શકે છે, પરંતુ ત્યાં કોઈપણ પ્રકારની બેઠક યોજી શકે નહીં. ઈડીએ જાન્યુઆરીમાં હેમંત સોરેનની ધરપકડ કરી ત્યારે PMLA કોર્ટે તેમને વિશ્વાસ મતમાં ભાગ લેવાની મંજૂરી આપી હતી.

આ સિવાય કેદી જ્યાં સુધી જેલમાં હોય છે ત્યાં સુધી તેની ઘણી બધી ગતિવિધિઓ કોર્ટના આદેશ પર નિર્ભર હોય છે. કેદી તેના વકીલ દ્વારા કોઈપણ કાયદાકીય દસ્તાવેજ પર સહી કરી શકે છે. પરંતુ કોઈપણ સરકારી દસ્તાવેજ પર સહી કરવા માટે કોર્ટની મંજૂરી લેવી પડશે.

અરવિંદ કેજરીવાલ હજુ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવા માટે બંધાયેલા નથી. તેઓ પોતાની મરજીથી રાજીનામું આપે તો અલગ વાત છે. અને પછી કોઈ નવો મુખ્યમંત્રી બને.

૧૯૫૧ના લોકપ્રતિનિધિત્વ અધિનિયમમાં કયાંય એવો ઉલ્લેખ નથી કે કોઈપણ મુખ્યમંત્રી, મંત્રી, સાંસદ કે ધારાસભ્ય જો જેલમાં જાય તો તેમણે રાજીનામું આપવું પડશે.

## મેડીકલ ક્ષેત્રે અભૂતપૂર્વ સિધ્ધિ : ડુક્કરની કિડનીનું માણસમાં સફળ પ્રત્યાર્પણ

નવી દિલ્હી,તા.૨૨

બોસ્ટનના તબીબોએ મેડીકલ માઈલસ્ટોન સર્જયો છે. પ્રથમ વખત ૬૨ વર્ષિય બિમાર વ્યકિતમાં ડુકકરની કિડની ટ્રાન્સપ્લાંટ કરી છે.સમગ્ર પ્રક્રિયા સફળ રહેવાનાં સંજોગોમાં કિડની ફેઈલ દર્દીઓ માટે નવી આશાનું કિરણ સર્જાશે. કિડની ટ્રાન્સપ્લાંટ બાદ અત્યાર સુધીનાં પરિણામો એકદમ પોઝીટીવ રહ્યા છે. કિડની ટ્રાન્સપ્લાંટ કરાયા બાદ તુર્ત જ યુરીન (પેશાબ) બનવાનું શરૂ થઈ ગયુ હતું અને દર્દીની તબિયતમાં સતત સુધારો થઈ રહ્યો છે તે ચાલવા પણ લાગ્યો હોવાનું અને તૂર્તમાં હોસ્પીટલમાંથી રજા આપી દેવાનું તબીબોએ જાહેર કર્યું છે. ૬૨ વર્ષિય દર્દી રીચાર્ડ સ્લેમેનનાં તબીબ એવા કિડની નિષ્ણાંત ડો.જિનફેડ વિલીયમ્સે કહ્યું કે, ડુકકરની કિડનીનાં ટ્રાન્સપ્લાંટ સાથે કિડની મેળવવાનો નવો સ્ત્રોત ઉપલબ્ધ બન્યો છે. માત્ર અમેરિકામાં જ ૮ લાખ લોકોની કિડની ફેઈલ છે અને ડાયાલીસીસ પર જીવે છે. એક લાખ લોકો દાનમાં કિડની મેળવવા વેઈટીંગ લીસ્ટમાં છે અને તેની રાહ જોવામાં દર વર્ષે સેંકડો દર્દીઓ મૃત્યુ પામી રહ્યા છે.

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**
**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

CMYK CMYK CMYK

# કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ કેશોદ અને માણાવદર ખાતેના EVM સ્ટ્રોંગ રૂમનું નિરીક્ષણ કર્યું



## કલેક્ટરે કેશોદના ૯ અને માણાવદરના ૮ મતદાન મથક ખાતેની પ્રાથમિક સુવિધાઓ પણ તપાસી

જૂનાગઢ તા.૨૨

કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ કેશોદ અને માણાવદર ખાતેના EVM સ્ટ્રોંગ રૂમનું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે કેશોદ અને માણાવદરના જુદા જુદા મતદાન મથકોની મુલાકાત કરી, જરૂરી પ્રાથમિક સુવિધાઓ અને વ્યવસ્થાઓ તપાસી હતી.

કલેકટરે કેશોદ અને માણાવદર ખાતેના EVM સ્ટ્રોંગ રૂમની મુલાકાત સંદર્ભમાં જરૂરી તકેદારી લેવા માટે ની સૂચના આપી હતી. ઉપરાંત કેશોદના ૯ અને માણાવદરના ૮ મતદાન મથકની મુલાકાત કરતા મતદારો માટે રેમ્પ, શૌચાલય, પીવાના પાણી સહિત અન્ય પ્રાથમિક સુવિધાઓ સંદર્ભે સંબંધીત અધિકારીઓ સાથે ચર્ચા કરવાની સાથે જરૂરી દિશાનિર્દેશ આપ્યા હતા.કલેકટરની આ મુલાકાત દરમિયાન પ્રાથમિક શાળાના વર્ગખંડમાં જઈ વિદ્યાર્થીનીઓ સાથે મતદાનના મહત્વ વિશે વિશદ ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને તેમના પરિવારજનોને મતદાન માટે પ્રોત્સાહિત કરવા વિશેષ અનુરોધ કર્યો હતો. ઉપરાંત લોકશાહીનું આ મહાપર્વ મતદારોના મતાધિકારના ઉપયોગ થકી જ સાર્થક થતું હોય છે . તેમ જણાવ્યું હતું.કલેક્ટરની કેશોદ ખાતેની મુલાકાત દરમિયાન પ્રાંત અધિકારી કિસન ગરચર, મામલતદાર મહેતા સહિતના અધિકારી અને એ જ રીતે માણાવદર ખાતેની મુલાકાત દરમિયાન પ્રાંત અધિકારી કે.પી. ગોહિલ મામલતદાર મારૂ સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અધિકારી-કર્મચારીઓની પાંચ લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરવાની પ્રતિજ્ઞા



જિલ્લાની શિક્ષણ, રોજગાર અને નારી અદાલતના અધિકારી-કર્મચારીઓના મતદાન કરવાની સાથે કરાવવા માટે લીધા

જૂનાગઢ તા.૨૨

દરેક નાગરિક મતાધિકારનો અચૂક ઉપયોગ કરીને લોકશાહીના મહાપર્વમાં સહભાગી બને તે માટે જિલ્લા કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં વિશેષ પ્રયાસો હાથ ધરાયા છે. સ્વીપ એકટીવીટી અંતર્ગત મતદાન જાગૃતિ માટે અધિકારી-કર્મચારીઓ ૫ નાગરિકોને મતાધિકારનો અચૂક ઉપયોગ કરવા માટે પ્રેરિત કરશે. સ્વીપ નોડલ અને જિલ્લા શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાયના માર્ગદર્શનમાં જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, રોજગાર વિનિમય કચેરી અને નારી અદાલતના સંયુક્ત ઉપક્રમે કર્મચારીઓ દ્વારા મતદાન માટેના શપથ લેવામાં આવ્યા. આ ઉપરાંત દરેક કર્મચારીએ ૫ વ્યક્તિને મતદાન કરવા પ્રેરિત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# બિલખામાં વિઝા રીન્યુ કરવાની લાલચ આપી રૂા.૧૦ લાખની છેતરપિંડીની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

વિસાવદર તાલુકાના ખંભાળિયા ગામે સહકારી મંડળી પાસે રહેતા પરષોતમભાઈ કેશુભાઈ દુધાત્રા(ઉ.વ.૪૫)એ આ કામના આરોપી સુરેશભાઈ કારાવદરા રહે.મુળ પોરબંદર હાલ રહે.લંડન તથા ચિરાગભાઈ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ગત તા.૭-૩-૨૦૨૪ કલાક ૧૩/૩૦ ના સમયગાળા દરમ્યાન બિલખા બસ સ્ટેશન રોડ પીએમ આંગડીયા પેઢી નજીક બનેલા બનાવ અંગે એવી ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદીનો દિકરો પ્રવિણ છેલ્લા બે વર્ષથી લંડન(યુ.કે.) ખાતે રહી દવાની કંપનીમાં નોકરી કરતો હોય અને તેના વિઝા પુરા થવામાં હોય જેથી આરોપી નં-૧એ ફરિયાદીના દિકરાના વિઝા રીન્યુ કરી આપવાની લાલચ આપી આરોપી નં-૨ને દસ લાખ રૂપિયાનું આંગડીયું ફરિયાદી પાસે કરાવડાવી એકબીજાને મદદગારી કરી ફરિયાદી તથા સાહેદ સાથે છેતરપિંડી વિશ્વાસઘાત કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૪૦૬, ૪૨૦, ૧૪૪ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ પીએસઆઈ એ.પી. ડોડીયા ચલાવી રહ્યા છે.

# જૂનાગઢની જીએમઈઆરએસ જનરલ હોસ્પિટલ ખાતે મેડિકલના વિદ્યાર્થી અને ડોકટરો(તબીબી શિક્ષકો) દ્વારા યોજાયેલ વાર્ષિક રક્તદાન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ જીએબીઆરએસ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના બ્લડ બેક્ર વિભાગના ડો. ભાવિન પઢારીયાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, ૨૩ માર્ચ વીર શહીદના બલિદાનની શ્રદ્ધાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યકત કરવાના ભાવથી દર વર્ષની જેમ આ વર્ષે પણ સીવીલ હોસ્પિટલની બ્લડ બેંકમાં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ રક્તદાન કેમ્પમાં મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ તબીબી શિક્ષકો સહિત સ્ટાફ ગણે પોતાનું રક્તનું દાન કરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. આ રક્તદાન કેમ્પમાં કુલ ૧૧૫ બોટલ રક્તની એકત્રિકરણ કરવામાં આવેલ હતી. આ રક્તદાન કેમ્પ સિવિલ હોસ્પિટલમાં થેલેસેમિયા ગ્રસ્ત બાળકો, સગર્ભા મહિલાઓ, જરૂરિયાતમંદ લોકો માટે ઉપયોગ થવાના હેતુસભર યોજવામાં આવેલ હતો. આ કેમ્પનું ઉદઘાટન કોલેજના ડીન ડો. હણમંત આમણે, સુપ્રિટેન્ડેન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ, એડિશનલ ડીન ડો. પૃથ્વીસિંહ વાઘેલા, ડો. નયના લકુમ, ડો. જીતેન્દ્ર તન્ના, ડો. અમીત ત્યાગી દ્વારા કરવામાં આવેલ હતું. આ પ્રસંગે કોલેજના તથા હોસ્પિટલના ડોકટરઓ સહિત સ્ટાફ ગણે ઉપસ્થિત રહીને રક્તદાતાઓનો ઉત્સાહ વધારવામાં સહભાગી થયા હતા. આ કેમ્પ ને સફળ બનાવવા બ્લડ બેક્રના ડો. હિરેન મુંડિયા સહિતના લોકોએ ભારે જહેમત ઉઠાવી હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

### હાઈકોર્ટે રેલવે વિભાગ સામે લાલઆંખ કરી

# ગીરમાં ૧૮૬ સિંહોના મોત, હાઈકોર્ટે રેલવે વિભાગ પાસેથી જવાબ માગ્યો



ટ્રેનની સ્પીડ નિર્ધારિત કરવાની હોય છે પરંતુ ડ્રાઈવર દ્વારા અમલ નહી કરાતા ટ્રેનની ટક્કરે સિંહોના મોતની ઘટનાઓમાં વધારો થયો

અમદાવાદ, તા.૨૨

ગીરના જંગલમાં અકાળે સિંહના મોતને લઈ હાઈકોર્ટે રેલવે વિભાગ સામે લાલઆંખ કરી છે. હાઈકોર્ટે ગીરના જંગલમાં ટ્રેનના રૂટ પર થતા સિંહના મોતને લઈ જવાબ આપવા આદેશ કર્યો છે. હાઈકોર્ટે રેલવે વિભાગને આકરા શબ્દોમાં સિંહના મોતને લઈ રેલવે વિભાગે શું કર્યું તેનો જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે.

આ સાથે જ ભવિષ્યમાં રેલવે વિભાગ દ્વારા કેવા પગલાં લેવાશે તેને લઈને પણ રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું છે. મહત્વનું છે કે બૃહદ ગીરમાં છેલ્લા ૨ વર્ષમાં ૧૮૪ સિંહના મોત થયા હોવાનો કોર્ટ મિત્રએ ખુલાસો કર્યો છે. જેમાં ૩૨ સિંહના અકસ્માતે મોત થયાના આંકડા સામે આવ્યા છે. જંગલમાંથી પસાર થતી રેલવે લાઈન અને ઝડપથી ચાલતી ટ્રેનને કારણે સિંહના મોત થઈ રહ્યા હોવાની અરજી કરાતાં હાઈકોર્ટે રેલવે વિભાગને જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. ત્યારે સિંહના મોત અંગે રેલવે વિભાગને ૨૬ માર્ચે જવાબ રજૂ કરવા આદેશ અપાયો છે.

સિંહોના થતા અકાળે મૃત્યુ મુદ્દે હાઈકોર્ટની લાલ આંખ કરી છે. રેલવે વિભાગને વિગતવર જવાબ રજૂ કરવા હાઈકોર્ટનો કડક આદેશ છે. સિંહોના અકસ્માતે થતા મોતને લઈ રેલવે વિભાગે શુ કર્યુ અને શું કરશે તે વિગતવાર રિપોર્ટ રજૂ કરવો પડશે. છેલ્લા ૨ વર્ષમાં ૧૮૪ માંથી ૩૨ સિંહોના આકસ્મિક મૃત્યુ થયા હોવાનો રિપોર્ટમાં ખુલાસો થયો છે.

સિંહોના વિસ્તારમાં રેલવે લાઈન હોવાથી સિંહોના અકાળે મોત થતા હોવાની કોર્ટ મિત્રની રજૂઆત છે.

ગીરના ગેરકાનૂની રીતે લાયન થતાં હોવાનો કોર્ટ મિત્રનો કોર્ટમાં દાવો હતો.

એડવોકેટ હેમાંગ શાહએ જણાવ્યુ હતુ કે, હાઈકોર્ટ દ્વારા રેલવે વિભાગનો જવાબ માગ્યો છે. રેલવેના વકીલ લેટ આવતા કોર્ટ દ્વારા તેમનો ઉધળો લેવામાં આવ્યો હતો. અને સિંહોની સુરક્ષા માટે શું પગલા લીધા તેની સ્પષ્ટતા કરવા રેલવે વિભાગને આદેશ કરાયો છે. રેલવે વિભાગ દ્વારા જંગલ એરિયામાં ટ્રેનની સ્પીડ સ્લો કરવાની હોય છે, નિર્ધારિત ગતિ પર ટ્રેન ચલાવવાની હોય છે પરંતુ ઘણા ડ્રાઈવરો દ્વારા તેનો અમલ કરવામાં આવતો નથી.જેને કારણે જંગલ વિસ્તારમાં પાટા પર સિંહો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. સિંહના મોત અંગે રેલવે વિભાગને ૨૬ માર્ચે જવાબ રજૂ કરવા આદેશ અપાયો છે.

વિશ્વમાં એશિયાટીક સિંહોનું એકમાત્ર ઘર ગીર જંગલ અને સૌરાષ્ટ્રના અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં ફેલાયેલા અન્ય સંરક્ષિત વિસ્તારો છે. વન વિભાગના જણાવ્યા અનુસાર ૨૦૨૦ માં એશિયાટિક સિંહોની વસ્તી ૬૭૪ હોવાનો અંદાજ છે. રેલ્વેએ એ પણ રેખાંકિત કર્યું છે કે, રેલ્વે ટ્રેકની આસપાસ સિંહોની હિલચાલ નોંધપાત્ર રીતે વધી છે.

# ધૂળેટીને લઈ છાણાનાં ભાવમાં વધારો

જૂનાગઢ તા.૨૨ : જૂનાગઢ શહેરમાં હોળી-ધુળેટીના તહેવારને લઈ તૈયારીઓ શરૂ થઈ છે. યુવક મંડળો અને સેવાભાવીઓ દ્વારા હોલીકા દહનને લઈ તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જૂનાગઢ જિલ્લાની વાત કરીએ તો શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમા હોલીકા દહનની તૈયારીઓ શરૂ થઈ છે. હોલીકા દહનમાં છાણા અને લાકડાનો ઉપયોગ કરવામા આવે છે. હોળીની ઉજવણી કરતા યુવક મંડળો દ્વારા છાણા અને લાકડાની ખરીદી શરૂ કરી દેવામા આવી છે. ગત વર્ષે એક રૂપિયાનું મળતું છાણું આ વછર્ષે બે રૂપિયાનું મળી રહ્યું છે. જિલ્લામાં અઢી લાખ છાણાનો ઉપયોગ થવાનો અંદાજ છે.

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢધામ ખાતે હરિકૃષ્ણ મહારાજનો ૧૬૪મો વાર્ષિક પાટોત્સવ ઉજવાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢધામ ખાતે આગામી તા.૨૭-૩-૨૦૨૪ બુધવારના રોજ શ્રી હરિકૃષ્ણ મહારાજનો ૧૬૪મો પાટોત્સવ ભાવભેર ઉજવવામાં આવશે. આ જ દિવસે સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી, ૬ કલાકે અભિષેક દર્શન, ૮:૩૦ કલાકે શણગાર અન્નકુટ આરતી, ૯ કલાકે સત્સંગ સભા અને ૯:૩૦ કલાકે મુખ્ય વકતા શાસ્ત્રી સ્વામિ કુંજવિહારીદાસજી આર્શીવચન પાઠવશે. શ્રી હરિકૃષ્ણ મહારાજના પાટોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવશે. ચેરમેન શ્રી પૂજય કોઠારી સ્વામી દેવનંદનદાસજી તથા મહંત શાસ્ત્રી સ્વામિ શ્રી પ્રેમસ્વરૂપદાસજી તેમજ પી.પી. સ્વામી સહિતના સંતો અને ટ્રસ્ટીઓ તેમજ સેવકગણ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ચૂંટણી પ્રચારમાં જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય કે નુકસાન ન થાય તે રીતે લાઉડ સ્પીકર વગાડવાનું રહેશે

જિલ્લામાં જાહેર સુલેહ, શાંતિ અને સલામતીને ધ્યાનમાં રાખીને સભા સરઘસ દરમિયાન વર્તન વર્તુણૂંક માટે કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાએ જાહેરનામુ બહાર પાડ્યું

જૂનાગઢ તા.૨૨

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભા પેટા ચૂંટણી માટેનો કાર્યક્રમ નિર્ધારિત થયો છે. આ માટે તા૭-૫-૨૦૨૪ ના રોજ મતદાન થનાર છે. આ ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા સભા-સરઘસ અંતર્ગત લાઉડ સ્પીકર દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચાર દરમિયાન જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકસાન થતું અટકાવવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે, ઉપરાંત કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લામાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી ને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર લાઉડ સ્પીકરના ઉપયોગ અને સભા સરઘસ દરમિયાન વર્તન વર્તુણૂંક માટે સાવચેતીના અને આગોતરા પગલાંના ભાગરૂપે જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી અનિલકુમાર રાણાવસિયાએ એક જાહેરનામું બહાર પાડ્યું છે.

આ જાહેરનામા અને કાયદાકીય જોગવાઈ મુજબ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં. લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી જે શરતે પરવાનગી અપાયેલ છે, તે શરતોનું પાલન કરવાનું રહેશે. ફકત સવારના ૬ કલાકથી રાત્રિના ૧૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકસાન ન થાય તે રીતે વગાડવાનું રહેશે. લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાનાઓ આવેલા હોય તો આ કચેરીઓ સંસ્થાઓની કામગીરીમાં કોઈ અડચણ ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાના રહેશે. ઉપરાંત સક્ષમ અધિકારીશ્રીની મંજૂરી મળ્યા બાદ જ સભા સરઘસનું આયોજન કરવાનું રહેશે તથા જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે. સભા સરઘસમાં શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, સોટા બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો, કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ, પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવા માટે મનાઈ ફરમાવવામાં આવે છે.

કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવા, વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની-બાળવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની મનાઈ ફરમાવવામાં આવે છે. જે ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચી અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉઠલી પડવાનો સંભવ હોય તેવા ભાષણ આપવાની કે તેવા ભાષણ આપવાની, કે તેવા ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની કે દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવા પર મનાઈ ફરમાવવામાં આવે છે.

## :: અવસાન નોંધ ::



જૂનાગઢ : સ્વ . હરસુખભાઈ હેમરાજભાઈ ચાંદ્રાણી (અખંડ રામધૂન મંદિર વાળા ) તે ચેતનભાઈ ચાંદ્રાણી અને (સ્વ. જ્યોતિબેન)/અને ભાવનાબેન/ ત્રુપ્તિ(રૂપા)ના પીતા તે વર્ષાબેન ચાંદ્રાણીના સસરા તે કેવલ સી ચાંદ્રાણી અને નિશિતાના દાદાનું તારીખ ૨૧-૩-૨૦૨૪ના દુઃખદ અવસાન થયું છે. તો તેમની પ્રાર્થનાસાભા તારીખ ૨૩-૩-૨૦૨૪ના રોજ શ્રી માંગનાથ મહાદેવ મંદિરના હોલ જૂનાગઢ ખાતે રાખેલ છે. સમય સાંજે પથી ૬ કલાકે રાખેલ છે. કેવલ ચાંદ્રાણી મો.૮૭૮૦૯ ૯૦૨૩૩

# દેવભૂમિ પોલીસના સેવા કેમ્પમાં અનેરી સેવા : પદયાત્રીઓ માટે ચપ્પલ, બુટ તેમજ બાળકો માટે ઘોડિયા અને રમકડાની સુવિધા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા દ્વારકા ખાતે ચાલીને જઈ રહેલા પદયાત્રીઓ માટે અનોખી અને નમૂનેદાર સેવા - સારવાર કરવામાં આવી રહી છે. પોલીસના કેમ્પમાં પદયાત્રીઓ માટે રાતવાસો, ભોજન ઉપરાંત અન્ય મહત્વની સેવાઓ નોંધપાત્ર બની રહી છે.



દ્વારકા ખાતે ફૂલડોલ ઉત્સવ ઉજવવા માટે જુદા જુદા વિસ્તારોમાંથી ચાલીને દ્વારકા તરફ જતા પદયાત્રીઓ માટે ખંભાળિયા - જામનગર હાઈવે પર આરાધના ધામની સામેના ભાગે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા અત્યાધુનિક પ્રકારનો પોલીસ સેવા કેમ્પ ઉભો કરવામાં આવ્યો છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના સીધા માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. તેમજ અન્ય વિભાગની પોલીસ ટીમ દ્વારા કેમ્પમાં સતત અવિરત સેવા સુશ્રુષા કરવામાં આવે છે.

ગત તારીખ ૧૬ માર્ચથી શરૂ થયેલા પોલીસના સૌ પ્રથમ વખત આ સેવા કેમ્પમાં પદયાત્રીઓને આશરે સાડા પાંચ હજારથી વધુ પદયાત્રીઓને "જય દ્વારકાધીશ" લખેલા રેડિયમ વાળા સ્ટીકર તેમજ રેડિયમ પટ્ટીઓ લગાવી અને સલામત અને સુરક્ષિત બનાવવામાં આવ્યા છે. આ કેમ્પમાં આશરે ૨૫ હજારથી વધુ પદયાત્રીઓ ચા-પાણી તેમજ ૯૦૦૦ જેટલા યાત્રાળુઓએ નાસ્તો અને ૮૦૦૦ જેટલા લોકોએ બપોર તેમજ સાંજના સમયે સાત્વિક અને ગરમ ભોજન લઈ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. આ કેમ્પમાં પોલીસ દ્વારા ૬૦૦ જેટલા બેડ ઉભા કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં, બાળકો માટે ઘોડિયા તેમજ રમકડાની સુવિધા, મોબાઈલ ચાર્જર, મેડિકલ સુવિધા તેમજ પદયાત્રીને થાક ઉતારવા માટે વાઈબ્રેટર મશીન પણ રાખવામાં આવ્યું હતું. પોલીસ વિભાગ દ્વારા અહીં આવેલા ૫૦૦ જેટલા પદયાત્રીઓને ચપ્પલ તેમજ બુટ આપીને અનેરી માનવતા પૂર્ણ એવા કરાઈ હતી. રાત્રિના સમયે પદયાત્રીઓને સુગમતા બની રહે તે માટે ૪૦૦ જેટલી નાની ટોર્ચ લાઈટ તેમજ ૨૫૦૦૦ જેટલી પાણીની બોટલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં પદયાત્રીઓને પ્રાથમિક જરૂરિયાતને ધ્યાને લઈ સાબુ, ટૂથ પેસ્ટ, ટુથ બ્રશ, પ્રાથમિક મેડિકલ બોક્સ, ખુરશી, ટુવાલ, ગરમ પાણી ઉપરાંત મનોરંજન માટેની સાઉન્ડ સિસ્ટમ વિગેરેની અનેકવિધ સેવાઓ અહીં આવેલા પદયાત્રીઓ માટે અવિસ્મરણીય બની રહી છે. પદયાત્રીઓની સેવા સાથે સુરક્ષા માટે જિલ્લા પોલીસ દ્વારા ખંભાળિયા દ્વારકા માર્ગ પર અવિરત રીતે પેટ્રોલિંગ તેમજ આ અંગેનું માઈક્રો પ્લાનિંગ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર સેવાયજ્ઞ માટે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ, પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારીના વડપણ હેઠળ એલ.સી.બી. સ્ટાફ તેમજ પોલીસ કર્મચારી ઉપરાંત એસ.આર.ડી. અને જી.આર.ડી.ના જવાનોની જહેમત કાબિલે દાદ બની રહી હતી.

# ઉનાની શ્રી એચ.એમ.વી. કોલેજના ૧૭ વિદ્યાર્થી અગ્નીવિર તરીકે પસંદગી પામ્યા

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૨

ઊના શહેરમાં દેલવાડા રોડ ઉપર આવેલ શ્રી.એચ.એમ.વી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરતા અને એન.સી.સી. વિભાગના ૧૭ વિદ્યાર્થીઓ તાજેતરમાં ભારત સરકાર દ્વારા અગ્નીવિરની પરીક્ષા આપી હતી જેનું પરિણામ જાહેર થતા ગોહીલ મેહુલસિહ આર.(વાવરડા), બાંભણિયા ચેતન એમ.(દેલવાડા), ચુડાસમા કૌશિક (સેમાલિયા), વાઘેલા દિવ્યેશ (ચિત્રાસર),ગોહિલ ઉદેસિહ (ગાંગડા), ગોહીલ ભદ્રસિહ, ગોહીલ અભેસિંહ (સનખડા), ગોહીલ અનિલ, ખસીયા પૃથ્વીરાજ સિહ (મોઠા), મોરી મયુરસિહ (ડોળાસા), સોલંકી અલ્પેશ કુમાર(લમધાર), ચરણીયા જગદીશ (સિમાસી), વાળા રાજેશ (ચાચકવડ), મોરી સાગર (ડોળાસા), ખસિયા અજય (ધોકડવા), ડાભી પિયુષ (સીમર), ચારણિયા સંકેત (ઝાખરવાડા), કુલ ૧૭ વિદ્યાર્થીઓ પસંદગી પામતા આ ભવ્ય સિધ્ધિ માટેના માર્ગદર્શક એન.સી.સી. ઓફિસર મેજર પી. એમ. ધાંધલા, અને વિદ્યાર્થીઓને ૮ ગુજરાત બટાલિયન એન.સી.સી.ના કર્નલ એસ. પિલાઈ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતાં અને કોલેજ પરિવાર તેમજ ટ્રસ્ટી મંડળએ તમામ ૧૭ વિદ્યાર્થીઓને પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ તમામ હવે દેશના સીમાડાનું રક્ષણ કરવા જશે. એક જ કોલેજમાંથી ૧૭ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હોય તે. ગુજરાત રાજ્યની ઐતિહાસિક અને ગૌરવ પ્રદ ઘટના છે. આ અંગે વધુ માહિતી આપતા જણાવેલ કે ૨૦૨૩ની લશ્કરની ભરતીમાં પણ આ કોલેજના ૧૫ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા. કોલેજેનો રેકોર્ડ તોડતા એન.સી.સી વિભાગમાં હર્ષ અને ઉત્સાહ અને લાગણી જોવા મળી.



## એસોસીએશન ઓફ સર્જન્સ ઓફ રાજકોટ દ્વારા

# ડો.પ્રદીપ કણસાગરા 'લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ'થી સન્માનિત

રાજકોટ તા. ૨૨

તાજેતરમાં રાજકોટ ખાતે તા.૧૭-૩-૨૪ ના રોજ બી.ટી. સવાણી કિડની હોસ્પિટલના સ્પીડવેલ ઓડીટોરીયમમાં એસોસીએશન ઓફ સર્જન્સ ઓફ રાજકોટ દ્વારા ડો.પ્રદીપ કણસાગરાને તેમની સેવાઓને બિરદાવવા લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રતિષ્ઠીત એવોર્ડ સિનીયર સર્જન ડો.એસ.ટી. હેમાણીના વરદ્‌હસ્તે અપાયો હતો. આ પ્રસંગે પુર્વ આરોગ્યમંત્રી ડો.વલ્લભભાઈ કથીરીયા, ડો.જતીન ભટ્ટ, ડો.યોગેશ મહેતા, ડો.નિતીન ટોલીયા, તથા ડો. આશિષ જસાણી, યુરોલોજીકલ સોસાયટી ઓફ સૌરાષ્ટ્ર અને કચ્છના પ્રમુખ શ્રી ડો. જીતેન્દ્ર અમલાણી, એસોસસએશન ઓફ સર્જન્સ ઓફ રાજકોટના પ્રમુખ શ્રી ડો. જીજ્ઞેશ મેવા હાજર રહ્યા હતા.



આ પ્રસંગ દ્વારા રાજકોટ એસોસસએશન ઓફ સર્જન્સ રાજકોટના એક્ઝીક્યુટીવ કમીટી મેમ્બર અને યુરોલોજી સોસાયટી ઓફ સૌરાષ્ટ્ર અને કચ્છના ટ્રેઝરર ડો. અમીષ મહેતાએ જણાવેલ કે સૌરાષ્ટ્ર અને કચ્છમાં યુરોલોજીસ્ટની ઓળખ ડો. પ્રદીપ કણસાગરાએ આપેલ છે અને તેઓ સૌરાષ્ટ્રના સૌ પ્રથમ યુરોલોજીસ્ટ છે. તેઓએ રાજકોટમાં નવા નવા યુરોલોજીસ્ટને તેમજ બીજા ઘણાં ડોક્ટરોને પ્રેકટીશ શરૂ કરવા માટે કણસાગરા હોસપપટલમાં પ્લેટફોર્મ આપી મદદ કરી છે અને માર્ગદર્શન આપેલ છે.

ડો. પ્રદીપ કણસાગરા કિડનીની બિમારીઓ અટકાવવા હંમેશા મહત્વ આપે છે. તે માટે તેમણે પુસ્તકો લખી લોકોમાં જાગૃતિ લાવવાનું ભગીરથ કાર્ય કરેલ છે. આ પ્રસંગે યુરોલોજીકલ સોસાયટી ઓફ સૌરાષ્ટ્ર અને કચ્છના ડો.અમીશ મહેતાએ એવોર્ડ જાહેર કરતા જણાવ્યું હતું કે, ડો. પ્રદીપભાઈએ વર્ષ ૨૦૦૦ માં પોતાની ધીકતી પ્રેકટીશ હતી, તેમની પ્રેક્તીશનો સૂર્યજ મધ્યાહને હતો ત્યારે પોતાની પ્રેકટીશ છોડી, લગભગ કોઈ ડોક્ટર કરી ન શકે એવું એમણે સમાજ સેવા માટે કરી બતાવ્યું છે અને જનકલ્યાણ માટે બી.ટી.સવાણી કિડની હોસ્પિટલની સ્થાપના કરવામાં સિંહ ફાળો આપ્યો હતો. આજે બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ બધા ટ્રસ્ટીઓ, દાતાશ્રીઓ તથા કિડની હોસ્પિટલ પરિવારની મહેનતથી એક વટવૃક્ષ બન્યું છે. પરંતુ તેનું વિચાર બીજ ડો. પ્રદીપ કણસાગરાએ રોપ્યું હતું. અત્રે એ નોંધનીય છે કે તેઓ અત્યારે પણ સતત સક્રિય રહી અમેરિકાથી અને ભારતથી તેમની સમાજસેવાની પ્રવૃતિઓ ચાલુ જ છે.

# મેનેજમેન્ટ ઓફ રેટીનોપેથી ઓફ પ્રિ-મેચ્યુરીટી (ROP)

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૨

આખી દુનિયામાં ભારતમાં સૌથી વધારે અધૂરા મહિને બાળકો જન્મે છે. (૩૦ લાખથી પણ વધુ) ૩૪ અઠવાડિયા પહેલાં અધૂરા માસે જન્મેલ અથવા ૨ કિલોથી ઓછું વજન ધરાવતા નવજાત શિશુમાં રેટીના (આંખના પડદા)નો વિકાસ ખામીયુક્ત હોઈ શકે છે. જેને રેટીનોપેથી ઓફ પ્રિ-મેચ્યુરીટી (ROP) કહેવામાં આવે છે. આવા બાળકોના આંખના પડદાની તપાસ જન્મથી એક મહિનાની અંદર કરાવવી અત્યંત જરૂરી છે. એક માસની અંદર તેનું નિદાન અને જરૂરી સારવાર ન કરવામાં આવે તો નવજાત શિશુ અંધત્વ પામે છે.

NICUમાં દાખલ થયેલ નવજાત શિશુમાંથી અંદાજે ૨૧ થી ૪૦% નવજાત શિશુને ઈની તપાસ જરૂરી હોય ROPની તપાસ, નિદાન અને સારવાર કરી શકે તેવા આખા ભારત દેશમાં ફક્ત ૨૫૦ ROP EX-PERT છે. આ પરિસ્થિતિમાં ટેલિમેડીસીન દ્વારા મોટા ભાગના નવજાત શિશુની આંખના પડદાની તપાસ શક્ય બને છે. ગુજરાત ખાતે હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન દ્વારા NIRHM Govt. of Gujaratના સહયોગથી સૌ પ્રથમ જુલાઈ ૨૦૧૨માં ટેલિમેડીસીનની મદદથી ગુજરાત ROP પ્રોજેકટ ડો.અલય બેન્કરના નેતૃત્વ હેઠળ શરૂ કરવામાં આવેલ જે અંતર્ગત ROP ટીમ ગુજરાતના અંદાજે ૭૭ NICUમાં નિયમિત રીતે જાય છે અને સ્પેશિયલ કેમેરા દ્વારા નવજાત શિશુના આંખના પડદાના ફોટા પાડે છે. આ ROP ટીમ ગુજરાતમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, હિંમતનગર, પાલનપુર, ધારપુર વિગેરે સ્થળોએ સરકારી તથા પ્રાઈવેટ NICUમાં નિયમિત જાય છે. ટીમના વડા ડો.અલય બેન્કર અને હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશનની ROP ટીમ આ બધા ફોટા તપાસે છે અને જે બાળકને જરૂર હોય તેને ઈન્જેક્શન, લેસર કે ઓપરેશનની જરૂર હોય તે પ્રમાણે સલાહ આપી સારવાર પણ આપે છે. સરકારી હોસ્પિટલના દર્દીઓને અને આર્થિક રીતે નબળા દર્દીઓને આ સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. અત્યાર સુધી Gujarat ROP પ્રોજેક્ટ અંતર્ગત ૫૦૬૮૬ નવજાત શિશુઓની ૧૦૧૩૭૨ આંખોની તપાસ કરવામાં આવી છે. જેમાંથી ૮૧૯ નવજાત શિશુઓની ૧૬૩૮ આંખોની સારવાર કરી. તેઓની દ્રષ્ટિ બચાવી લેવામાં આવી છે અને તેમને અંધ થતા બચાવી લેવાયા છે. Gujarat ROP પ્રોજેક્ટની સફળતાથી પ્રેરિત થઈને ગુજરાતના વધુ તાલુકાઓ સુધી આ પ્રોજેક્ટને પહોંચાડવા માટે હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન આ ROP પ્રોજેક્ટનો વિસ્તાર કરવા જઈ રહ્યા છીએ જેથી વધુ નવજાત શિશુઓને બંધ થતા બચાવી શકાય અને તેમની દ્રષ્ટિ જાળવી શકાય.

# આજે વિશ્વ જળ દિવસ

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ ૨૨ માર્ચને વિશ્વ પાણી દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો, જે ૧૯૯૩ થી મનાવવામાં આવ્યો. વિશ્વ જળ દિવસ ૧૯૯૨ માં પર્યાવરણ અને વિકાસ ઉપર સંયુક્ત રાષ્ટ્ર પરિષદનો છે જ્યાં પાણી માટે આંતરરાષ્ટ્રીય પાલનની ભલામણ કરવામાં આવી હતી. પાણી દરેકને અસર કરે છે, તેથી આપણે બધાએ પગલાં લેવાની જરૂર છે. વિશ્વ જળ દિવસ ૨૦૨૩ એ પાણી અને સ્વચ્છતા સંકટને ઉકેલવા માટે પરિવર્તનને વેગ આપવા વિશે છે.સમગ્ર જળચક્રમાં નિષ્ક્રિયતા આરોગ્યથી ભૂખમરો, લિંગ સમાનતાથી નોકરીઓ, શિક્ષણથી ઉદ્યોગ અને આપત્તિઓથી લઈને શાંતિ સુધીના તમામ મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર પ્રગતિને નબળી પાડે છે.૨૦૧૫ માં, વિશ્વએ ૨૦૩૦ એજન્ડાના ભાગ રૂપે ટકાઉ વિકાસ ધ્યેય (SDG) ૬ માટે પ્રતિબદ્ધ કર્યું - વચન કે દરેક વ્યક્તિ ૨૦૩૦ સુધીમાં પાણી અને સ્વચ્છતાનું સુરક્ષિત રીતે સંચાલન કરશે.અત્યારે, ગંભીર રીતે ઓફ-ટ્રેક છીએ.અબજો લોકો અને અસંખ્ય શાળાઓ, વ્યવસાયો, આરોગ્યસંભાળ કેન્દ્રો, ખેતરો અને કારખાનાઓને રોકી દેવામાં આવ્યા છે કારણ કે તેમના પાણી અને સ્વચ્છતાના માનવ અધિકારો હજુ પૂરા થવાની જરૂર છે.પરિવર્તનને વેગ આપવાની તાતી જરૂરિયાત છે. હંમેશની જેમ વ્યવસાય'થી આગળ વધવા માટે ચાર ગણી ઝડપથી કામ કરવું જોઈએ, પરંતુ આ એવી પરિસ્થિતિ નથી કે જેને કોઈ એક અભિનેતા અથવા જૂથ હલ કરી શકે.પાણી દરેકને અસર કરે છે, તેથી આપણે બધાએ પગલાં લેવાની જરૂર છે. પાણી બચાવવા માટે શૌચાલયનો ઉપયોગ એશટ્રે અથવા વેસ્ટબાસ્કેટ તરીકે કરવાનું બંધ કરો. શૌચાલયની




ટાંકીમાં પ્લાસ્ટિકની બોટલ મૂકો. વરસાદનાં પાણીના ટાંકા બનાવો, વોટર સેવિંગ શાવર હેડ અથવા ફ્લો રિસ્ટ્રિક્ટર ઈન્સ્ટોલ કરો.સ્નાન કરતી વખતે પાણીનો બગાડ ન કરો. ...તમારા દાંત સાફ કરતી વખતે પાણી બંધ કરો.શેવ કરતી વખતે પાણી બંધ કરી દો.જળ એજ જીવન છે તે મંત્ર યાદ રાખો.વૈશ્વિક જળ સંકટ એ વિશ્વભરના લાખો લોકોને અસર કરતી એક મહત્વપૂર્ણ સમસ્યા છે. યુનાઈટેડ નેશન્સ અનુસાર, ૨.૨ બિલિયન લોકો પીવાના પાણીની અછત ધરાવે છે, અને ૪.૨ બિલિયન લોકો સુરક્ષિત રીતે સંચાલિત સ્વચ્છતા સેવાઓનો અભાવ છે.આ કટોકટીના પરિણામો વિનાશક છે, કારણ કે તે આરોગ્ય અને સ્વચ્છતાથી લઈને ખાદ્ય સુરક્ષા અને આર્થિક વિકાસ સુધીની દરેક વસ્તુને અસર કરે છે.આ કટોકટીની તાકીદને અતિરેક કરી શકાતી નથી. ૨૦૫૦ સુધીમાં વિશ્વની વસ્તી ૯.૮ અબજ સુધી પહોંચવાનો અંદાજ છે, પાણીની માંગ માત્ર વધશે. વધુ વારંવાર અને ગંભીર દુષ્કાળ, પૂર અને અન્ય આત્યંતિક હવામાન ઘટનાઓ સાથે, આબોહવા પરિવર્તન પણ સમસ્યાને વધારે છે.તેથી, તે જરૂરી છે કે આપણે પાણીનું સંરક્ષણ કરવા અને ભાવિ પેઢીઓ માટે તેનો ટકાઉ ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે અત્યારે જ પગલાં લઈએ.

- ડો.જી.આર.ગોહિલ

# આજે વિશ્વજળ દિવસ ૨૦૨૪ : પાણીના ટીપે-ટીપાના સદુપયોગની અદાણી ગ્રુપની નેમ

## જળ સંચય, જળ સંવર્ધન અને જળ વ્યવસ્થાપનમાં સરાહનીય કામગીરીને સન્માન

અમદાવાદ, તા.૨૨

જળએ જ જીવન છે જરા તું સમજી લે, જળ નહિ તો જગ નહિ એ સમજી લે.

આજે વિશ્વ જળ દિવસ છે. જળ વિશે જનજાગૃતિ માટે દર વર્ષે ૨૨ માર્ચે વિશ્વ જળ દિવસ મનાવવામાં આવે છે. આજે આપણે જળ વ્યવસ્થાપનમાં ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કરનાર અદાણી જૂથની સફળ વાર્તાઓવિશે જાણીશું. ઉદ્યોગો અને સામજીક ઉત્તરદાયીત્વ થકી અદાણી ગ્રુપે જળ વ્યવસ્થાપનમાં અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. પોર્ટથી એરપોર્ટ સુધી વિસ્તરેલા ઉદ્યોગોમાં પાણીને બચાવવા પાણીદાર ઉપાયો અને અભિગમો અપનાવવામાં આવ્યા છે. જળસંચય ક્ષેત્રે આદરેલી અનેકવિધ પ્રવૃત્તિઓના પગલે અદાણી ફાઉન્ડેશનને મળેલો જળશક્તિ એવોર્ડ તેનેમાન્યતા આપે છે.

ભારતમાં સ્વચ્છ પાણીના અભાવનો પડકાર વર્ષોથી રહ્યો છે. તેવામાં અદાણી જૂથની કંપનીઓએ જળ વ્યવસ્થાપન માટે અનેક નિર્ણાયક પગલાંઓ લીધા છે. બિઝનેસમાં પાણીના ટીપેટીપાનો સદુપયોગ કરવા કંપનીએ ખાસ સિસ્ટમ વિકસાવી છે. બાંધકામ ઉદ્યોગમાં વપરાતા ઈન્સ્ટન્ટ કોંક્રિટ મિક્સ પ્રોપોર્શન અને મોડ્યુલ રક્યોરિંગ સોલ્યુશન આધારિત પ્રોડક્ટસથી પાણીની નોંધપાત્ર બચત થાય છે. વળી કંપનીએ વ્યવસાયિક કામગીરી અને સમુદાયો બંને માટે પાણીની સુરક્ષા સુનિશ્ચિત કરવા પ્રસંશનીય પગલાઓ લીધા છે.એક તારણ મુજબ અંબુજા સિમેન્ટ્સ ૨૦૧૧માં બેગણું વોટર પોઝિટિવ હતું જે ૨૦૧૯માં આઠગણું બન્યું અને ૨૦૩૦ સુધીમાં ૧૦ ગણું વોટર પોઝિટિવ બનાવવાની નેમ ધરાવે છે. વાત સમાજીક ઉત્તરદાયીત્વની કરીએ તો, અંબુજાનગર ખાતે જળ સંસાધન વ્યવસ્થાપનને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે.જેમાં સૂક્ષ્મ સિંચાઈ, પાણીની ગુણવત્તા પરીક્ષણ અને દરીયાઈ ખારાશના પ્રવેશને રોકવા કામ કરવામાં આવે છે. ચેકડેમ, તળાવો અને ૪૦૨૨ RRWHS નાબાંધકામ સહિત દરિયાકાંઠાના ગામોને ઘરેઘરે નળ કનેક્શનઅપાયાછે.

વાત એરપોર્ટ્સની કરીએ તો, અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને રોપાઓને પાણી પુરુંપાડવા ટ્રીટેડ વોટરનો ઉપયોગ કરવામાં આવે છે અને તેમાંથી બગીચાઓ અને ઈન-હાઉસ નર્સરી તૈયાર કરવામાં આવે છે. રિસાયક્લિંગ તકનીકોનો ઉપયોગ કરીને પાણીની જરૂરિયાતો સંતોષવામાં આવે છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા APSEZ-મુંદ્રાની આસપાસ જળસંચય માટે વિવિધ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. જળસંચય કાર્યક્રમનો મુખ્ય હેતુ જળસંગ્રહ વધારવાની સાથે પાણીના સ્ત્રોતની જાળવણી, સાફ-સફાઈ અને જળસ્ત્રોતોનું સમારકામ કરવાનો છે. જળસંચયથી સિંચાઈ કે પશુ જાળવણી માટે પુરતા પાણીનો પુરવઠો મળી રહેશે,જેના પરિણામો કચ્છ માટે વરદાનરૂપ બની શકે છે. વિવિધ ઉપાયોના વિનિયોગથી અદાણી જૂથે 'જળ એ જ જીવન'ના સૂત્રને સાકાર કર્યું છે. આ પ્રકારની પહેલો ગ્રામીણ સમુદાયોને જળ પ્રબંધન મામલે સશક્ત બનાવે અને જીવનની ગુણવત્તામાં પણ વધારો કરે છે.



# ઉના નવાબંદરના પ્રાથમિક શાળાના શિક્ષક ગમ્મત ગુલાલ કાર્યક્રમમાં હાસ્ય જોકસ પીરસી લોકોને હસાવશે

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨૨

વર્તમાન સમયમાં માનવી મુક્ત પણે હાસ્ય કરવાનું ભુલી ગયો છે જેને કારણે માનસિક તણાવ ભરી જીંદગી જીવી રહ્યો છે. તણાવ દૂર કરવા હાસ્ય થેરેપી શ્રેષ્ઠ થેરેપી છે. ઊના શહેરમાં રહેતા અને નવાબંદર શ્રી કન્યા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષક પિયુષભાઈ જોશી આગમી તા.૨૪/૩/૨૦૨૪ને રવિવારે રાત્રે ૮ કલાકે અમદાવાદ દૂર દર્શન ઉપર આવતી ડી.ડી. ગીરનાર ચેનલ ઉપર આવતો ગમ્મત ગુલાલ કાર્યક્રમમાં લોકોને સરળ ભાષામાં હાસ્ય જોક્સ પીરસી લોકોને પેટ પકડી હસાવશે. પિયુષભાઈ જોશી અગાઉ ઈ ટીવી ગુજરાતી, ઝી ટીવી ગુજરાતી, દુરદર્શન ઉપર કાર્યક્રમ આપેલ છે.



સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ચૂંટણીમાં રહેલા ધનબળનાં વર્ચસ્વને તોડી પાડવું પડશે

ચૂંટણી પંચ દ્વારા મતદાનની તારીખોની ઘોષણાની સાથે જ લોકસભા ચૂંટણીની ઔપચારિક શરૂઆત થઈ ગઈ છે. જેવું મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે વિશ્વના કેટલાય મહાદ્વીપોની જનસંખ્યાથી વધારે આપણા દેશના મતદારોની સંખ્યા છે. કુલ મતદારોની સંખ્યા ૯૬.૮૮ કરોડ છે. આ ચૂંટણીમાં ૧૦.૫ લાખ મતદાન કેન્દ્ર હશે જ્યાં ૫૫ લાખથી વધારે ઈવીએમમાં લોકો વોટ નાખશે. વિશ્વના કોઈ ખૂણાના વ્યક્તિને અહેસાસ પણ નહીં હોય કે આટલી મોટી ચૂંટણી વ્યવસ્થા અને તંત્ર ક્યાંય સંભવ છે. વાસ્તવમાં ભારતીય સંસદના નીચલા સદન લોકસભા ચૂંટણી પર હંમેશાં વિશ્વની નજર રહે છે. વિશ્વના નેતાઓ અને વિશ્લેષકોમાં આજે પણ એવા લોકો છે જે ભારતના આટલા મોટા ચૂંટણીપર્વની શાંતિથી સમાપન થયા પર આશ્ચર્ય વ્યક્ત કરે છે.

નિશ્ચિતપણે તેમાં ચૂંટણી પંચની મુખ્ય ભૂમિકા હોયછે, પરંતુ રાજકીય પ્રતિષ્ઠાન અને મતદારોનો પોતાની વ્યવસ્થા પ્રત્યે સન્માન અને અનુશાસન ન હોય તો તે સંભવ નથી થઈ શકતું. આપણે આપણી વ્યવસ્થા, રાજકીય પક્ષો, મતદારોની માનસિકતા અને વ્યવહારની ટીકા કરીએ છીએ પરંતુ સંસદીય લોકતંત્રનું જે માળખું, તેની સાથે જોડાયેલી જે વ્યવસ્થાઓ આપણી સમક્ષ ઉપસ્થિત છે અને વિશ્વ સમુદાયની પ્રશંસા પામે છે, તે તેના વગર સંભવ નથી થઈ શકતું. આ ચૂંટણીની વિશેષતા એ છે કે પહેલી વાર ૧ કરોડ ૮૨ લાખ મતદારો પહેલી વાર પોતાનો મત આપશે. ૨૦ વર્ષથી ૨૯ વર્ષ વચ્ચેના મતદારોની સંખ્યા ૧૯ કરોડ ૭૪ લાખ છે. આટલી મોટી યુવા આબાદી કોઈ દેશનું ભવિષ્ય હોય છે અને મતદાન દ્વારા ભવિષ્યના સત્તા અને વિપક્ષની ભૂમિકા નક્કી કરવામાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે.

કોઈપણ વ્યવસ્થા સંપૂર્ણપણે દોષરહિત નથી હોતી. પરંતુ આટલી સંખ્યામાં મતદારોને સંભાળવા માટે લગભગ ૧.૫ કરોડ ચૂંટણી અધિકારીઓ અને સુરક્ષા કર્મીઓ સાથે ૨૧૦૦ પર્યવેક્ષકોની ભૂમિકા હોય છે. કુલ ૩ લાખ ૪૦ હજારથી વધુ સુરક્ષા દળના જવાનો તૈનાત કરાશે. લોકસભા ચૂંટણી આપણા બધાને પોતાની જવાબદારીનું ભાન કરાવે છે અને એનો પણ અહેસાસ કરાવે છે કે જેમને આપણે દરેક સ્તર પર સત્તાના શીર્ષ પર જોઈએ છીએ માત્ર તેમની જ ભૂમિકા આપણા વ્યવસ્થા તંત્રને આગળ લઈ જવાની અને જાળવી રાખવાની નથી હોતી. ભારે સંખ્યામાં લોકો સમયે સમેય તેમાં યોગદાન કરતા હોય છે. આ દેશની લોકતાંત્રિક વ્યવસ્થાની સંવેદનશીલતા છે. જેમાં ચૂંટણી પંચ ત્યાં સુધી જાહેરાત કરી ચૂક્યું છે અને તેની વ્યવસ્થા પણ છે કે જે મતદાર મતદાન કેન્દ્રો સુધી પહોંચવાની સ્થિતિમાં નથી તે ઘરેથી મતદાનનો વિકલ્પ પસંદ કરે છે તો તેમને ઉપલબ્ધ થશે. જો ક્યાંક એક મતદાર એવો હશે તો તેના પણ મતદાનની વ્યવસ્થા કરાવવામાં આવશે. એવું પહેલી વાર બનશે કે જ્યારે પંચ્યાસીથી વધુ ઉંમર અને ૪૦ ટકાથી વધારે વિકલાંગતાવાળા પોતાના ઘરેથી મતદાન કરી શકશે. ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલ આંકડા અનુસાર ૮૫ વર્ષથી વધુની ઉંમરના ૮૨ લાખ રજિસ્ટર્ડ મતદારો છે, જ્યારે ૨.૩૮ લાખ મતદારોની ઉંમર ૧૦૦ વર્ષથી વધારે છે. એટલે કે આ મતદારોએ દેશની પહેલી લોકસભા ચૂંટણી પણ જોઈ હશે અથવા તેમાંથી કેટલાકે તેમાં મતદાન પણ કર્યું હશે. ૮૮.૩૫ લાખ દિવ્યાંગ મતદારોની સંખ્યા છે. વ્યવસ્થામાં ખામીઓ છે પરંતુ એ જ તેને લોકતાંત્રિક પ્રક્રિયાનું અંગ બનાવવાની તૈયારી પણ દેખાડે છે.

આ જ એપ્રોચ આપણી ચૂંટણી પ્રણાલીને આજે ઘમી સહજ, સરળ, સુગમ અને સુરિક્ષત બનાવવામાં મુખ્ય કારણ રહ્યું છે. જો એપ્રોચમાં સંવેદનશીલતા ન હોય તો આટલું બધું મતદાર જાગૃતિ અભિયાન ચલાવવા અને ના સુરક્ષાને લઈને મતદાનને ભ્રષ્ટાચાર અને કદાચારથી મુક્ત રાખવા માટે આટલું ભારે તંત્ર ઉપયોગમાં લેવાયું હોત. એક સમય હોત જ્યારે ભારતમાં મહિલાઓનું મતદાન ઓછું થતું હતું. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે. વિધાનસભાઓથી લઈને લોકસભા ચૂંટણીઓમાં અનેક સ્થળો પર મતદાન કરનારી મહિલાઓની સંખ્યા વધુ રહી છે. એમ પણ ૧૨ રાજ્યોમાં મહિલા મતદારોની સંખ્યા પુરુષ મતદારોથી વધુ થઈ ગઈ છે. એટલે કે મહિલાઓમાં પણ ખુદને મતદાર રૂપે નોંધણી કરાવવાની જાગૃતિ વધી છે. તેની કલ્પના બહુ પહેલાં ન હતી. ચૂંટણી પંચના આંકડા દર્શાવે છે કે સતત લોકસભા ચૂંટણીમાં મતદાન ટકાવારી વધી રહી છે. આ બધું એમ જ નથી થતું. ચૂંટણી પંચ અને અન્ય સંસ્થાઓ મતદાર જાગૃતિ અભિયાન ચલાવે છે તો તેની સાથે જો મતદારોએ પોતાની સુરક્ષાનો વિશ્વાસ ન હોય તો ઘણી સંખ્યા મતદાન કેન્દ્રો સુધી નહીં જાય. દેશમાં જ્યારે રાજકારણના અપરાધીકરણનો દોર હતો, બાહુબલી મતો લૂંટતા હતા, હત્યા સુદ્ધાં કરી દેતા હતા ત્યારે ઘણી સંખ્યામાં લોકો મતદાન કરવાથી દૂર રહેતા હતા. આ સ્થિતિ બદલાઈ ગઈ છે. તેમાં ચૂંટણી પંચ, ન્યાયપાલિકા, મીડિયા બધાની ભૂમિકા રહી છે. પરંતુ રાજકીય પક્ષોને અલગ કરી દઈશું તો તેનું વિશ્લેષણ પૂરું નહીં થાય.

પક્ષોએ અપરાધીઓ અને ભ્રષ્ટાચારીઓને પોતાને ત્યાં સ્થાન આપ્યું, તેમને મહત્ત્વ આપ્યું, ટિકિટ આપી, ધારાસભ્ય કે સાંસદથી લઈને મંત્રી પણ બનાવ્યા. પરંતુ બીજી તરફ પક્ષોએ તેમના વિરુદ્ધ અવાજ પણ ઉઠાવ્યો અને અનેક પક્ષોએ ધીમે ધીમે એવા લોકોને પોતાને ત્યાં મહત્ત્વ આપવાનું ઓછું કર્યું છે.

ચૂંટણી પંચે કેટલીય વાતો કહી છે જે આપણા બધા માટે ચિંતાનો વિષય હોવી જોઈએ. એ વાત પર ચિંતા વ્યક્ત કરી છે કે ગઈ વિધાનસભા ચૂંટણીઓમાં ૩૪૦૦ કરોડ ગેરકાયદે નાણું પકડાયું હતું. આ બહુ મોટી રકમ છે અને લોકસભા ચૂંટણીમાં પણ ખબર નહીં કેટલાય કરોડ રોકડ ઝડપાશે. વાસ્તવમાં બાહુબલિઓના પ્રભાવથી ચૂંટણી ઘણી હદ સુધી મુક્ત થઈ છે, પરંતુ ધનબળનું વર્ચસ્વ વધતું ગયું છે. દરેક ચૂંટણીમાં જોવામાં આવ્યું છે કે અલગ-અલગ રીતે ઉમેદવારના લોકો મતદારો સુધી ધન પહોંચાડવાની કોશિશ કરે છે. ધનબલના પ્રભાવ પર પંચે ચિંતા વ્યક્ત કરી છે તો એ બધાની જવાબદારી છે કે પંચ અને પ્રશાસનને સહયોગ કરતાં ચૂંટણીને ધનના પ્રભાવથી મુક્ત કરવામાં સહયોગી બને. આ જ રીતે ચંટણી પંચે ફેક ન્યૂઝને લઈને વાત કરી છે. સોશ્યલ મીડિયા અને કેટલીય વાર મુખ્ય મીડિયાના માધ્યમથી અલગ-અલગ રીતે જૂઠ્ઠાણાં ફેલાવવામાં આવે છે જે પહેલી નજરે જોતાં સાચાં લાગે છે. કોઈ આરોપમાં એવા ખોટા આંકડા અને તથ્યો હોય છે તથા સ્રોત સુદ્ધાં લખી દેવામાં આવે છે જેનાં ક્યાંય ઠામઠેકાણાં નથી હોતાં. એ જ રીતે જાતીય સાંપ્રદાયિક મતોના ધ્રુવીકરણની દૃષ્ટિએ પણ જૂઠ્ઠા સમાચાર ફેલાવવાની સતત કોશિશ થાય છે. આ બધા પર નજર રાખવી પડશે, તેની પાછળના લોકોને ઉઘાડા પાડવા તથા તેમને નિયંત્રિત કરવા મુશ્કેલ કામ તો છે, પરંતુ આ કામ કરવું જ પડશે.

# ખુશ રહેવામાં ભારતીયો વિશ્વમાં ૧૨૬મા ક્રમ પર

## મિઝોરમના લોકો સૌથી વધુ ખુશ રહે છે, અફઘાનિસ્તાનના લોકોનું ખુશ રહેવાની બાબતમાં સૌથી છેલ્લું સ્થાન



(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૨

ઈન્ટરનેશનલ ડે ઓફ હેપ્પીનેસ દર વર્ષે માર્ચ મહિનામાં ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી માટે ૨૦ માર્ચની પસંદગી કરવામાં આવી હતી કારણ કે આ દિવસે રાત અને દિવસ સમાન હોય છે. આ દિવસે યુએન દ્વારા હેપ્પીનેસ ઈન્ડેક્સ જાહેર કરે છે. આ દિવસની ઉજવણી ૧૨ જુલાઈ, ૨૦૧૨માં શરૂ થઈ હતી. તેમજ ઉજવણીનો મુખ્ય હેતુ તમારા સારા સ્વાસ્થ્ય માટે ખુશ રહેવું ખૂબ જ જરૂરી છે આ બાબત લોકોને સમજાવવાનો છે. જાણો કેવી રીતે આ દિવસની ઉજવણી અને કયો દેશ સૌથી ખુશ છે.

ભૂટાનના રાજા જિગ્મે ખેસર વાંગચુકે ઈન્ટરનેશનલ ડે ઓફ હેપ્પીનેસની ઉજવણીનો પ્રસ્તાવ યુએનમાં મુક્યો હતો. ત્યાંના રાજાનું માનવું હતું કે લોકોની ખુશી દેશની આર્થિક સ્થિતિ પર નિર્ભર નથી. ૧૯૭૦ના દાયકામાં, ભૂટાન વિશ્વનો પહેલો દેશ હતો જેણે જીડીપી કરતાં લોકોની સુખાકારીને વધુ મહત્વ આપ્યું હતું. આથી રાજાએ ૧૨ જુલાઈ ૨૦૧૨ના રોજ યુએનમાં હેપ્પીનેસ ડે ઉજવવાનો ઠરાવ પસાર કર્યો. કારણ કે આ જ દિવસે ભૂટાન વિદેશીઓ માટે પોતાની સરહદો ખોલી રહ્યું હતું. ભૂતાન હેપ્પીનેસ ઈન્ડેક્સમાં ટોચના ૧૦ દેશોમાં પોતાનું સ્થાન જાળવી રાખવામાં સક્ષમ છે અને તે એશિયાનો સૌથી ખુશ દેશ માનવામાં આવે છે.

ઈન્ટરનેશનલ ડે ઓફ હેપ્પીનેસની ઉજવણી માટે ૨૦ માર્ચની પસંદગી કરવા પાછળ એક ખાસ કારણ છે. ૨૦ માર્ચના દિવસે ઈક્વીનોક્સ હોય છે એટલે કે આ દિવસે સૂર્ય વિષુવવૃત્તની બરાબર ઉપર હોય છે, જેના કારણે દિવસ અને રાત સરખા હોય છે. આ ઘટના વર્ષમાં બે વખત ઘટે છ્ગે એક ૨૦ માર્ચે અને બીજી ૨૩ સપ્ટેમ્બરે. આ જ કારણે આજના દિવસે વર્લ્ડ હેપ્પીનેસ ડે ઉજવવામાં આવે છે.

દેશ વધુ ખુશ છે કે ઓછો તે માપવા માટે છ મુખ્ય પરિબળો છે, જેમાં સામાજિક સમર્થન, આવક, આરોગ્ય, સ્વતંત્રતા, ઉદારતા અને ભ્રષ્ટાચારની ગેરહાજરી જેવા માપદંડો પરથી દેશના લોકો કેટલા ખુશ છે તે નક્કી કરવામાં આવે છે.

એન્યુઅલ વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ ૨૦૨૪ અનુસાર, ભારતના લોકો ખુશ રહેવામાં ઘણા પાછળ છે. દુનિયાના ૧૪૬ દેશોમાં ખુશીની બાબતમાં ભારતનું રેકિંગ ૧૨૬મું છે. આ ઉપરાંત જો ભારતના રાજ્યોની વાત કરવામાં આવે તો મિઝોરમ રાજ્યના લોકો સૌથી વધુ ખુશ રહે છે. જ્યારે અફઘાનિસ્તાનના લોકો ખુશ રહેવાની બાબતમાં સૌથી છેલ્લું સ્થાન ધરાવે છે.

આ રિપોર્ટ એક અન્ય એવી વાત પણ સામે આવી છે કે ખુશ દેશોની યાદીમાં કોઈ મોટો દેશ ટોપ પર નથી. ટોપ ૨૦માં મોટા દેશોમાં યુકે અને કેનેડાની વસ્તી ૩૦ મિલિયનથી વધુ છે જયારે નેધરલેન્ડ અને ઑસ્ટ્રેલિયાની વસ્તી ૧૫ મિલિયનથી વધુ છે. આ લિસ્ટમાં ફિનલેન્ડે ફરી એકવાર ખુશ દેશોની યાદીમાં સ્થાન બનાવ્યું છે. ટોચના ૧૦ દેશોમાં નોર્ડિક દેશોનું પ્રભુત્વ છે. અફઘાનિસ્તાન સૌથી નીચલા સ્થાને છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ભારત ૧૨૬માં સ્થાને છે. જ્યારે પાકિસ્તાન અને શ્રીલંકા પણ ભારતથી ટોપ રેંક હાંસલ કરવામાં સફળ રહ્યા છે.

ફિનલેન્ડ જેવા સ્કેન્ડિનેવિયન અને એશિયા પેસિફિક પ્રદેશના દેશોમાં, સિસ્ટમ તદ્દન અલગ છે. આ દેશોમાં, સરકાર દ્વારા લોકોને શિક્ષણ અને આરોગ્યસંભાળ જેવી સુવિધાઓ મફતમાં અથવા ખૂબ જ ઓછી કિંમતે પૂરી પાડવામાં આવે છે. આ સિવાય આ દેશોમાં વધુ સારી સુરક્ષા વ્યવસ્થા, સારી પોલીસ સિસ્ટમ, માનવ અધિકારોની વ્યવસ્થિત દેખરેખ અને માથાદીઠ આવક તેમને સૌથી વિશેષ બનાવે છે. આ સિવાય સ્નોથી ઢંકાયેલા પ્રાકૃતિક સુંદરતા વચ્ચે વસેલા ફિનલેન્ડનું હવામાન પણ સુખદ છે. સુંદર બરફથી ઢંકાયેલા પહાડો, ગાઢ અને સુંદર જંગલો અને પ્રવાસન સ્થળો, પ્રદૂષણ મુક્ત વાતાવરણ લોકોના જીવનમાં એક અલગ જ તાજગી ઉમેરે છે.

ફિનલેન્ડ વિશ્વમાં સૌથી ઓછા ક્રાઈમ રેટ ધરાવતા દેશોમાં સામેલ છે. તેમજ તે પ્રવાસીઓ માટે ખૂબ જ સુરક્ષિત દેશ માનવામાં આવે છે. દેશના તમામ નાગરિકો માટે યુનિવર્સલ હેલ્થકેર સિસ્ટમ છે. જે અંતર્ગત સરકાર લોકોને સારી અને એકસમાન તબીબી સુવિધા પૂરી પાડે છે. તેમજ ફિનલેન્ડમાં સરકાર દ્વારા રોજગારીની સમાનતા પણ આપવામાં આવે છે. લોકોને શિક્ષણ અને તબીબી સુવિધાઓ મફતમાં મળવાથી સામાન્ય ઘરના બાળકો પણ સરળતાથી સારી જગ્યાએ પહોંચી શકે છે. ફિનલેન્ડમાં લોકો માટે સારી સુવિધાઓ, ભ્રષ્ટાચાર મુક્ત સમાજ, સારી સુરક્ષા વ્યવસ્થા તેને સૌથી સુખી દેશ બનાવવામાં મદદરૂપ છે.

### વિશ્વના ૨૦ સૌથી ખુશ દેશ

| | |
|---|---|
| ફિનલેન્ડ | ૭.૮૦૪ |
| ડેનમાર્ક | ૭.૫૮૬ |
| આઈસલેન્ડ | ૭.૫૩૦ |
| ઈઝરાયેલ | ૭.૪૭૩ |
| નેધરલેન્ડ | ૭.૪૦૩ |
| સ્વીડન | ૭.૩૯૫ |
| નોર્વે | ૭.૩૧૫ |
| સ્વિટ્ઝર્લેન્ડ | ૭.૨૪૦ |
| લક્ઝમબર્ગ | ૭.૨૨૮ |
| ન્યુઝીલેન્ડ | ૭.૧૨૩ |
| ઑસ્ટ્રિયા | ૭.૦૯૭ |
| ઓસ્ટ્રેલિયા | ૭.૦૯૫ |
| કેનેડા | ૬.૯૬૧ |
| આયર્લેન્ડ | ૬.૯૧૧ |
| યુનાઈટેડ સ્ટેટ્સ | ૬.૮૯૪ |
| જર્મની | ૬.૮૯૨ |
| બેલ્જિયમ | ૬.૮૫૯ |
| ચેકિયા | ૬.૮૪૫ |
| યુનાઈટેડ કિંગડમ | ૬.૭૯૬ |
| લિથુઆનિયા | ૬.૭૬૩ |

# ભારતીય શિક્ષકોએ દેશ છોડતા માલદીવમાં શિક્ષકોની અછત



માલે, તા.૨૨

ચીનના રવાડે ચઢીને ભારત વિરોધી વલણ અપનાવી રહેલા માલદીવના રાષ્ટ્રપતિ મોઈજ્જૂના કારણે માલદીવની જનતા હેરાન થઈ રહી છે.

ભારત સામે સતત નફરત ફેલાવી રહેલી મોઈજ્જૂ સરકારના કારણે સંખ્યાબંધ ભારતીય શિક્ષકોએ માલદીવ છોડી દીધુ છે અને તેના કારણે હવે ઘણી સ્કૂલો શિક્ષકોની અછતનો સામનો કરી રહી છે. આ મુદ્દો માલદીવની સંસદમાં પણ ઉઠાવવામાં આવ્યો છે અને મોઈજ્જૂ સરકારને સ્પષ્ટતા કરવી પડી છે.

માલદીવના મીડિયા રિપોર્ટ પ્રમાણે માલદીવિયન ડેમોક્રેટિક પાર્ટીના સાંસદ મોહમ્મદ શાહિદે સંસદમાં સરકારને સવાલ પૂછ્યો હતો કે, રાષ્ટ્રપતિ મોઈજ્જૂના ઈન્ડિયા આઉટ અભિયાનના કારણે ઘણા ભારતીય શિક્ષકો દેશ છોડીને જતા રહ્યા છે અને તેના કારણે દેશમાં શિક્ષકોની કમી ઉભી થઈ છે. વિદ્યાર્થીઓનો અભ્યાસ પ્રભાવિત થઈ રહ્યો છે ત્યારે સરકાર આ પ્રકારના સંજોગોને પહોંચી વળવા માટે શું કાર્યવાહી કરી રહી છે?

સરકારે તેના જવાબમાં સ્વીકાર્યુ હતુ કે, ભારતીય શિક્ષકોએ માલદીવ છોડી દીધુ છે પણ તેના માટે ઈન્ડિયા આઉટ..અભિયાન જવાબદાર હોવાનો ઈનકાર કર્યો હતો. માલદીવના શિક્ષણ મંત્રી ડો. ઈસ્માઈલ શફીકૂએ ભારતીય શિક્ષકો માલદીવ છોડીને રવાના થયા હોવાથી શિક્ષણ પર કોઈ સંકટ હોવાનો ઈનકાર કર્યો હતો.

તેમણે કહ્યુ હતુ કે, કોઈ શિક્ષક નોકરી છોડી દે છે તો કેટલાક દિવસો સુધી પડકારજનક સ્થિતિ રહેતી હોય છે. એમ પણ છેલ્લા ૩૦ વર્ષના આંકડા જોવામાં આવે તો માલદીવમાં આવનારા વિદેશી શિક્ષકો જલ્દી પોતાના દેશ પાછા જતા રહેતા હોય છે. માલદીવની સ્કૂલોમાં શિક્ષણ પર કોઈ અસર પડી રહી નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

જીવનને સુંદર બનાવનાર પ્રત્યેક વિચાર માનો તો વેદ જ છે.

- સાને ગુરૂજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૩, મુ. રમજાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ફાગણ સુદ-૧૩ તેરસ તિથિની વૃધ્ધિ છે, પ્રદોષ તા.૨૨ માર્ચ ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૧૧, મઘા નક્ષત્ર, ધૃતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૫૫, સૂ.અ.૭:૦૧

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નવિન મુલાકાત લાભદાયી નીવડે. જીવનસાથીનું આરોગ્ય સંભાળવું.
વૃષભ:મનની મુરાદ બર આવે. માનસિક આનંદ-ઉત્સાહ વિશષ રહે.
મિથુન:આવકમાં વૃધ્ધિ થાય. ધંધા-વ્યવસાયમાં લાભ થાય.
કર્ક: નવિન આયોજનમાં સફળતા મળે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય.
સિંહ: ગુપ્ત ચિંતા સતાવે, આરોગ્ય જોખમાય, ગૃહવિવાદના ભોગ બનવું પડે.
કન્યા: વડીલ વર્ગ કે ઉપરી અધિકારીના સહકારથી લાભ મળે. નવિન યોજના પાર પડે.
તુલા: વાણી ચાતુર્યથી કામ સફળ થાય. આકસ્મીક ધન લાભ.
વૃશ્ચિક:મિલન-મુલાકાતમાં સફળતા મળે. માંગલિક કાર્યનું આયોજન થાય.
ધન: નવું સાહસ ન કરવું હિતાવહ. વ્યર્થ દોડા-દોડી રહે.
મકર: કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે. વિરોધીઓને પીછેહટ કરવી પડે.
કુંભ: યશ, માન, કીર્તિમાં વધારો થાય. સાસરા પક્ષ તરફથી લાભ મળે.
મીન: દાન-ધર્મ પાછળ ધન વ્યય થાય. અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય.

# ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્ર નદીઓ પર ક્લાઈમેટ ચેન્જની ઘાતક અસર



## લગભગ એક અબજ લોકોએ ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે, વધતી જતી પૂરની ઘટનાઓ અને દુષ્કાળે ચિંતા વધારી

નવી દિલ્હી, તા.૨૨

ક્લાઈમેટ ચેન્જ સાથે સંબંધિત એક ડરામણો રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં જણાવાયું છે કે ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્ર સહિત દક્ષિણ એશિયાની મુખ્ય નદીઓ પર ક્લાઈમેટ ચેન્જની ઘાતક અસર થવાની છે. માનવીની પ્રવૃત્તિઓ અને ક્લાઈમેટ પેટર્નમાં ફેરફાર થવાને લીધે તેની આજુબાજુના વિસ્તારોમાં લગભગ એક અબજ લોકોએ ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે.

હાઈવેટિંગ રિવર બેસિન ગવર્નેન્સ એન્ડ કોઓપરેશન ઈન ધ એચકેએચ રિજન રિપોર્ટમાં ત્રણેય નદીઓ ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્ર પર નદીના બેસિન મેનેજમેન્ટ માટે ક્લાઈમેટ અંગે ફ્લેક્સિબલ દૃષ્ટિકોણની જરૂર છે. હિંદુ કુશ હિમાલય દક્ષિણ એશિયા અને દક્ષિણ પૂર્વ એશિયાના અમુક ભાગોના ફ્રેશ પ્રાણીના સ્રોત છે. તેનું બરફ, ગ્લેશિયરો અને વરસાદથી આવતું પાણી એશિયાની ૧૦ સૌથી મોટી રિવર સિસ્ટમને મદદ કરે છે.

સામાન્ય રીતે ભારતમાં રહેતા ૬૦ કરોડથી વધુ લોકો માટે પવિત્ર અને જરૂરી મનાતી ગંગા બેસિન વધતાં પર્યાવરણીય ખતરાનો સામનો કરી રહી છે. ઝડપથી ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને ખેતીની બદલાતી પદ્ધતિઓએ નદીના પારિસ્થિતિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી છે.

રિપોર્ટમાં એ વાત ઉપર પણ ભાર મૂકાયો છે કે સીવેજ અને ઔદ્યોગિક કચરો અંધાધૂંધ રીતે ઠલવાતા પાણી ગંભીર રીતે પ્રદૂષિત થયું છે. તેના લીધે લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંને માટે ખતરો પેદા થયો છે. આ પ્રવૃત્તિઓની સાથે સાથે ક્લાઈમેટ ચેન્જની અસર, ખાસ કરીને વધતી જતી પૂરની ઘટનાઓ અને દુષ્કાળ ચિંતા વધારી રહ્યા છે.

રિપોર્ટમાં કહેવાયું છે કે જળ સંસાધનોની ભરપાઈ માટે મહત્ત્વપૂર્ણ સ્રોત મોનસૂનની ઋતુ હવે વધુ ખતરનાક પૂરની સ્થિતિ સર્જે છે. ક્લાઈમેટ સંબંધિત આ ખતરા મહિલાઓ, વિકલાંગ લોકો અને હાંસિયામાં ધકેલા સમુદાયો સહિત નબળાં વર્ગોને પ્રભાવિત કરે છે. આ રીતે પાકિસ્તાન, ભારત, અફઘાન અને ચીનના ૨૬૮ મિલિયનથી વધુ લોકો માટે લાઈફલાઈન સમાન સિંધુ નદી ક્લાઈમેટ ચેન્જના કારણે ભયાનક સંકટમાં છે. વધતું તાપમાન, અનિયમિત મોનસૂન અને પર્યાવરણીય ફેરફાર બેસિનને સંકટ તરફ ધકેલી રહ્યા છે.

અહેવાલ અનુસાર વર્તમાન સામાજિક-આર્થિક નબળાઈઓને લીધે આ પડકારો વધુ મોટા બની ગયા છે જેનાથી હાંસિયામાં ધકેલાયેલા લોકોની દુર્દશા વધી ગઈ છે.

બ્રહ્મપુત્ર બેસિનમાં ખાસ કરીને નીચલા ભાગમાં ક્લાઈમેટ ચેન્જ પૂર અને દુષ્કાળને વધારવા તૈયાર છે. બરફ પીગળવાનો દર વધવાની આશંકા છે જેનાથી સમગ્ર વિસ્તારમાં પાણીની ઉપલબ્ધતાને અસર થશે. લાખો લોકોના જીવન પર તેની અસર વર્તાશે.

# લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો : 'પાંચ ન્યાયમાં ૨૫ ગેરંટી'

નવી દિલ્હી, તા.૨૨

કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)એ પાર્ટીના 'ન્યાય' એજન્ડા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને લોકસભા ચૂંટણી ઢંઢેરાની વિસ્તૃત ચર્ચા કરી હતી. CWCની બેઠક બાદ કોંગ્રેસના નેતાઓ કે.સી. વેણુગોપાલ અને જયરામ રમેશે જણાવ્યું હતું કે, પાર્ટી ભારત જોડો ન્યાય યાત્રાથી ગતિ ચાલુ રાખશે. પાર્ટીએ યાત્રા દરમ્યાન જે પાંચ ગેરંટીનું અનાવરણ કર્યું હતું, તેમાં આ વચનોને પાયાના સ્તર સુધી પહોંચાડવાની યોજના છે.

**કોંગ્રેસ મેનિફેસ્ટો : ૨૫ ગેરંટી સાથે પાંચ 'ન્યાય' ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે :**

**હિસ્સેદારી ન્યાય :- હિસ્સેદારી ન્યાય પહેલ હેઠળ કોંગ્રેસે નીચેની દરખાસ્ત કરી છે.**

● મહત્ત્વપૂર્ણ ડેટા એકત્ર કરવા માટે વ્યાપક સામાજિક, આર્થિક અને જાતિ વસ્તી ગણતરી.

● બંધારણીય સુધારાનો ઉદ્દેશ્ય SC/ST/OBC સમુદાયો માટે અનામત ઉપરની ૫૦% મર્યાદાને દૂર કરવાનો છે, તકોની સમાન પહોંચ સુનિશ્ચિત કરવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે.

● SC/ST પેટા-યોજના હેઠળ વસ્તીના હિસ્સાની સમકક્ષ વિશેષ બજેટ ફાળવણીની દરખાસ્ત કરવામાં આવી છે.

● વન અધિકાર અધિનિયમના દાવાઓને એક વર્ષમાં ઉકેલવાનું પણ ન્યાય હેઠળ વચન આપવામાં આવ્યું છે.

● 'અપની ધરતી, અપના રાજ' જોગવાઈ હેઠળ એસટી પ્રબળ જૂથ હોય તેવા તમામ આવાસોમાં અનુસૂચિત વિસ્તારો નિયુક્ત કરવામાં આવશે.

**કિસાન ન્યાય :- કિસાન ન્યાય ગેરંટી હેઠળ કોંગ્રેસ ખેડૂતોને ટેકો આપવાના હેતુથી વ્યાપક પેકેજ ઓફર કરી રહી છે.**

● સ્વામીનાથન ફોર્મ્યુલા દ્વારા નિર્ધારિત દરો પર લઘુત્તમ ટેકાના ભાવ (MSP)ની ખાતરી કરવી

● સ્થાયી લોન માફી કમિશનની સ્થાપના દ્વારા રાહત પૂરી પાડવી

● પાકના નુકસાનની ૩૦ દિવસની અંદર વીમા ચૂકવણીની ખાતરી આપવી

● કૃષિ ઉત્પાદનો માટે સ્થિર આયાત-નિકાસ નીતિનો અમલ

● ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)માંથી ખેતીના ઈનપુટ્સને મુક્તિ.

**શ્રમિક ન્યાય :- શ્રમિક ન્યાય ગેરંટી હેઠળ, કોંગ્રેસે પ્રસ્તાવ મૂક્યો.**

● સ્વાસ્થ્ય અધિકાર પહેલ કે જે આરોગ્ય સંભાળ સેવાઓની સાર્વત્રિક પહોંચ સુનિશ્ચિત કરીને આરોગ્યનો અધિકાર કાયદો સ્થાપિત કરવા માંગે છે.

● શ્રમ કા સન્માન, જેમાં MGNREGS હેઠળના તમામ કામદારોને સમાવીને ૪૦૦ રૂપિયા પ્રતિ દિવસના રાષ્ટ્રીય લઘુત્તમ વેતનના અમલીકરણનો સમાવેશ થાય છે.

● શેહરી રોજગાર ગેરંટીનો ઉદ્દેશ્ય રોજગાર ગેરંટી અધિનિયમ રજૂ કરવાનો છે જે નોકરીની સુરક્ષાને પ્રોત્સાહન આપે છે જ્યારે સામાજિક સુરક્ષા કાર્યક્રમ અસંગઠિત કામદારો માટે જીવન અને અકસ્માત વીમા કવરેજ પ્રદાન કરવાનો પ્રયાસ કરે છે.

● સુરેક્ષિત રોજગાર પહેલ હેઠળ, નાગરિકો માટે સ્થિર રોજગારની તકો સુનિશ્ચિત કરવા, મુખ્ય સરકારી કાર્યોમાં રોજગારના કરારીકરણ સામે રક્ષણ આપવા માટે કોંગ્રેસ દ્વારા પગલાં સૂચવવામાં આવ્યા છે.

**યુવા ન્યાય :-**

● 'ભારતી ભરોસા' પહેલનો ઉદ્દેશ્ય ૩૦ લાખ નવા કેન્દ્ર સરકારના હોદ્દા પેદા કરવાનો છે.

● 'પહેલી નોકરી પાકી', તમામ શિક્ષિત યુવાનોને એક વર્ષની એપ્રેન્ટિસશીપનું વચન આપે છે, કૌશલ્ય વિકાસ અને વ્યવહારૂ અનુભવની સુવિધા આપે છે.

● 'પેપર લીક સે મુક્તિ' પહેલ હેઠળ, કોંગ્રેસ નિષ્પક્ષ અને પારદર્શક પરીક્ષા પ્રક્રિયાઓને સુનિશ્ચિત કરીને પેપર લીકને દૂર કરવા કાયદાના કડક અમલ માટે પ્રતિબદ્ધ છે.

● Gig કામદારોની કામ કરવાની પરિસ્થિતિઓને વધારવાના પગલાં

● 'યુવા રોશની' રૂા.૫૦૦૦ કરોડના સ્ટાર્ટઅપ ફંડની સ્થાપના કરવાનું વચન આપ્યું હતું.

**નારી ન્યાય :- નારી ન્યાય ગેરંટી હેઠળ, કોંગ્રેસે પ્રસ્તાવ મૂક્યો.**

● મહાલક્ષ્મી પહેલનો ઉદ્દેશ્ય દરેક ગરીબ પરિવારમાં એક મહિલાને વાર્ષિક રૂા.૧ લાખ પૂરો પાડવાનો છે, જેથી નાણાકીય સ્થિરતા અને આધાર સુનિશ્ચિત થાય.

● આધી આબદી, પૂરા હક, નવી કેન્દ્ર સરકારની નોકરીઓમાં મહિલાઓ માટે ૫૦% અનામતનું વચન આપે છે, કર્મચારીઓમાં લિંગ સમાનતાનો પ્રોત્સાહન આપે છે.

● શક્તિ કા સન્માનનો ઉદ્દેશ્ય કેન્દ્ર સરકારના પગાર યોગદાનને બમણો કરીને આશા, આંગણવાડી અને મધ્યાહ્ન ભોજન કાર્યકર્તાઓની આજીવિકા વધારવાનો છે.

● મહિલાઓના કાયદાકીય અધિકારોના રક્ષણ માટે દરેક ગામમાં અધિકાર મૈત્રીઓની નિમણૂક કરવામાં આવશે.

● સાવિત્રીબાઈ ફૂલે છાત્રાલયોની પહેલ કામ કરતી મહિલાઓ માટે છાત્રાલયોની સંખ્યા બમણી કરવાનો પ્રયાસ કરે છે, સલામત અને સસ્તું આવાસ વિકલ્પો પ્રદાન કરે છે.

મેનિફેસ્ટો ઉપર મુખ્ય CWC મીટિંગ પછી કોંગ્રેસે એક ટ્વિટમાં કહ્યું, 'રાષ્ટ્ર જોરદાર રીતે પરિવર્તન માટે હાંકલ કરે છે. તે સુનિશ્ચિત કરવા માટે આપણા બધાની ફરજ છે કે, અમારા મેનિફેસ્ટોને દરેક રાજ્યમાં વ્યાપક એક્સપોઝર મળે, જે સમગ્ર દેશમાં દરેક ઘર સુધી અમારી પ્રતિબદ્ધતાને વહન કરે છે.'

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પાર્ટીના પૂર્વ નેતાઓ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી, સીડબ્લ્યુસીની બેઠકમાં હાજર હતા, જેમાં અંબિકા સોની, પ્રિયંકા ગાંધી વાડ્રા, પી. ચિદમ્બરમ, દિગ્વિજયસિંહ, અજય માકન અને કુમારી સેલજા જેવા અન્ય વરિષ્ઠ નેતાઓની હાજરી પણ જોવા મળી હતી.

# લોકસભાના મતદાન માટે દિવ્યાંગ મતદારો માટે રેમ્પ-વ્હીલચેર રાખવા માટે આદેશ કરાયો



અમદાવાદ, તા.૨૨

આગામી લોકસભાની ચૂંટણીને લઈને મતદાન મથકો ઉપર પુરતી સુવિધા રાખવા માટે આદેશ કરાયો છે. જેમાં રાનયની જે સ્કૂલોમાં મતદાન મથક છે તે સ્કૂલોના આચાર્યોને પત્ર લખી જિલ્લા શિક્ષણાધિકારીએ આદેશ કર્યો છે. જેમાં જણાવાયું છે કે, મતદાન માટે દિવ્યાંગ મતદારો માટે રેમ્પ તથા વ્હીલચેરની વ્યવસ્થા કરવાની રહેશે. ઉપરાંત મતદાન કેન્દ્રો ઉપર પીવાનું પાણી, ટોઈલેટ, ઈલેક્ટ્રીસિટી સહિતની સુવિધા સુનિશ્ચિત કરવાની રહેશે. પ્રાપ્ત માહિતી અનુસાર, લોકસભાની ચૂંટણીની જાહેરાત સાથે જ રાજયમાં મતદાનની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં મતદાનના દિવસે જે બુથ ઉપર મતદાન થવાનું છે ત્યાંની સુવિધા સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળે છે. રાજયના દરેક શહેરોમાં આવેલી મોટાભાગની સ્કૂલોમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન થવાનું છે ત્યારે આ સ્કૂલોમાં મતદાનને લઈને તમામ સુવિધાની ચકાસણી કરવા માટે દરેક જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તાકીદ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. દરેક જિલ્લા શિક્ષણાધિકારીએ મતદાન મથક ધરાવતી સ્કૂલોના આચાર્ય અને સંચાલકોને પત્ર લખ્યો છે. જેમાં જણાવાયું છે કે, આગામી લોકસભાની ચૂંટણીને લઈને સંકુલો ખાતેનાં મતદાન મથક ખાતે રેમ્પ તથા વ્હીલચેરની વ્યવસ્થા કરવાની રહેશે. લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાન મથક ધરાવતી શાળાઓના મતદાન મથકોમાં એસ્યોર્ડ મિનિમમ ફેસિલિટી (AMF) જેવી કે, રેમ્પ, પીવાનું પાણી, ટોયલેટ, ઈલેક્ટ્રિસિટી તથા દિવ્યાંગ મતદારોની વિશેષ જરૂરિયાતો વગેરે તમામ મતદાન મથકોમાં સુનિશ્ચિત કરવાનું રહેશે. આ અન્વયે મતદાન મથક ધરાવતી તમામ શાળાઓના મતદાન મથકોમાં AMFની સુવિધા સુનિશ્ચિત કરવા માટે તાકીદ કરવામાં આવી છે. ઉપરાંત ધ રાઈટ ઓફ પર્સન વિથ ડિસએબિલીટી એક્ટની કલમ નંબર ૧૬ અને ૪૦ હેઠળના તથા રૂલ્સ ૭ અને ૮મા કરવામાં આવેલી જોગવાઈ તમામ શાળાઓમાં દિવ્યાંગ મતદારો માટે યોગ્ય ઢોળાવવાળા રેમ્પ તથા શક્ય હોય તો આવશ્યક વ્હીલચેર ઉપલબ્ધ થાય અને સફાઈ કરેલ સેનિટેજ સેનિટેશન બ્લોક વપરાશ માટે ઉપલબ્ધ હોય તે જિલ્લા પ્રોજેક્ટ ઈજનેરના સંકલનમાં રહી સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

# પતંજલિ એડવર્ટાઈઝિંગ કેસ : સુપ્રીમે રામદેવ અને બાલકૃષ્ણને કોર્ટ સમક્ષ હાજર થવા કહ્યું

નવી દિલ્હી, તા.૨૨

સુપ્રીમ કોર્ટે યોગ ગુરૂ રામદેવ અને પતંજલિ આયુર્વેદના મેનેજિંગ ડિરેક્ટર આચાર્ય બાલકૃષ્ણને કંપનીના ઉત્પાદનોની જાહેરાત અને તેમની ઔષધીય અસરકારકતા સંબંધિત તિરસ્કારની કાર્યવાહીમાં વ્યક્તિગત રીતે હાજર થવાનો આદેશ આપ્યો છે જસ્ટિસ હિમા કોહલી અને અહસાનુદ્દીન અમાનુલ્લાની ખંડપીઠે કોર્ટને આપવામાં આવેલ બાંયધરીનું ઉલ્લંઘન કરવા બદલ પ્રથમ દૃષ્ટિએ તેમની સામે તિરસ્કારની કાર્યવાહી શા માટે શરૂ કરવામાં ન આવે તે દર્શાવવા માટે અગાઉ તેમને જારી કરાયેલી કોર્ટની નોટિસના જવાબો દાખલ કરવામાં કંપની અને બાલકૃષ્ણની નિષ્ફળતાનો સખત અપવાદ લીધો હતો. ખંડપીઠે રામદેવને કારણ દર્શાવો નોટિસ પણ પાઠવી હતી કે શા માટે તેમની સામે અવમાનનાની કાર્યવાહી શરૂ કરવામાં ન આવે. સર્વોચ્ચ અદાલત ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA)ની અરજી ઉપર સુનાવણી કરી રહી હતી જેમાં રામદેવ દ્વારા રસીકરણ અભિયાન અને આધુનિક દવાઓ સામે બદનક્ષી અભિયાનનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

# આસામ : સરકારે પ્રથમ વખત NRCમાં બાકાત રાખવામાં આવેલા ધર્મ મુજબ આંકડા જાહેર કર્યા

## આસામના CM હિમંતા બિસ્વા સરમાએ એક સ્થાનિક ચેનલને જણાવ્યું કે, NRC દ્વારા બાકાત કરાયેલા ૧૬ લાખ લોકોમાંથી ૭ લાખ મુસ્લિમો અને પાંચ લાખ બંગાળી હિંદુઓ છે

નવી દિલ્હી, તા.૨૨

આસામ સરકારે સુપ્રીમ કોર્ટના આદેશો હેઠળ હાથ ધરવામાં આવેલા અને ૩૧ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ પ્રકાશિત રાજયના રાષ્ટ્રીય નાગરિક રજિસ્ટર અથવા NRCમાંથી ધર્મ મુજબ વિગતો જાહેર કરી છે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, NRCના અંતિમ ડ્રાફટમાંથી બાકાત કરાયેલા ૧૬ લાખ નામોમાંથી સાત લાખ મુસ્લિમ હતા. તેમણે કહ્યું કે, યાદીમાં પાંચ લાખ બંગાળી હિંદુઓ, બે લાખ આસામી હિંદુઓ (જાતિ એકસોમિયા અને કોચ-રાજબોંગશી) અને ૧.૫ લાખ ગોરખાઓ છે. બાકીના ૩.૫ લાખ લોકો કોણ હતા તે તેમણે જાહેર કર્યું ન હતું. મુખ્યમંત્રીએ ન્યૂઝ લાઈવ, સ્થાનિક ટીવી ચેનલને જણાવ્યું છે કે, માત્ર ૩થી ૬ લાખ લોકો CAAમાં અરજી કરશે. સરમા આસામમાં CAA નિયમોને લઈને વધી રહેલા વિરોધ સામે લડી રહ્યા છે. જો બાંગ્લાદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાંથી 'સતાવણી કરાયેલા' બિન- મુસ્લિમ લઘુમતીઓની નાગરિકતા ઝડપી-ટ્રેક કરવાનો કાયદો અમલમાં મૂકવામાં આવે તો વિપક્ષો અને અન્ય નાગરિક સમાજ જૂથો નારાજ છે. તેઓ માને છે કે, તે આસામની સ્વદેશી સંસ્કૃતિ પર હુમલો થશે. આ સંશોધિત કાયદો ડિસેમ્બર ૨૦૧૯માં પસાર કરવામાં આવ્યો હતો અને તે સમયે આસામમાં ભારે વિરોધ થયો હતો. સરમાએ એવું અનુમાન કર્યું હતું કે, આ કાયદાનો આસામમાં 'ફિયાસ્કો' થશે અને તેના દ્વારા ભારતીય નાગરિકતા માટે અરજી કરનારની સંખ્યા સૌથી ઓછી હશે. તેમણે કહ્યું કે, મારા મતે ૩થી ૬ લાખ લોકો CAA સાથે અરજી કરશે, ૨૦, ૧૮ અથવા ૧૫ લાખ અથવા ૧.૫ કરોડ નહીં, જે અંગે કેટલાક લોકો દાવો કરી રહ્યા છે. તે ૧૦% વધુ કે ઓછું હોઈ શકે પરંતુ ૬ લાખથી વધુ નહીં. CAA નિયમો ગયા અઠવાડિયે જાહેર કરવામાં આવ્યા હતા અને ૧૯ એપ્રિલ સુધીમાં અમારી પાસે લગભગ ૪૦ દિવસ હશે. વાસ્તવિક પરિસ્થિતિને સમજવા માટે આ પૂરતો સમય હશે. ગુજરાતમાં ૧૩ હિંદુ પરિવારોને પહેલાથી જ CAA દ્વારા નાગરિકતા આપવામાં આવી છે પરંતુ આસામમાં હજુ સુધી ઘણા લોકોએ અરજી કરી નથી. તેમણે કહ્યું કે, ઘણા પરિવારો, ખાસ કરીને હિંદુ બંગાળીઓ, ૨૫ માર્ચ, ૧૯૭૧ પછી બાંગ્લાદેશથી આસામમાં પ્રવેશ્યા હતા, જે ભારતીય નાગરિકત્વ મેળવવા માટે હકદાર હોવાની કટ-ઓફ તારીખ હતી, અને તેમાંથી કેટલાક પાછા પણ ફર્યા હતા. આમાંના ઘણા પરિવારોને તે સમયે સત્તાવાળાઓ દ્વારા રેશન કાર્ડ નકારવામાં આવ્યા હતા, તેથી તેમની પાસે માત્ર એક દસ્તાવેજ હતો, સરહદ સત્તાવાળાઓ દ્વારા જારી કરાયેલ શરણાર્થી નોંધણી કાર્ડ. ૨૦૧૯માં સુપ્રીમ કોર્ટ દ્વારા હજેલાને NRCની સમગ્ર કવાયતની દેખરેખ રાખવા માટે NRC સંયોજક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે મધ્યપ્રદેશના રહેવાસી અને આસામ-મેઘાલય કેડરના IAS અધિકારી પ્રતીક હજેલાને બિનદસ્તાવેજીકૃત વ્યક્તિઓને શોધવાના હેતુથી રજિસ્ટરને અપડેટ કરતી વખતે આચરવામાં આવેલી કથિત અનિયમિતતાઓ માટે આસામ સરકારે તેમની વિરુધ્ધ તપાસ શરૂ કરી હતી.

## કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર

# રાજ્યમાં આગામી સમયમાં ગરમીનો પારો વધશે : સૌરાષ્ટ્ર-કચ્છમાં હીટવેવની આગાહી

જૂનાગઢ, તા.૨૨

રાજ્યના તમામ જિલ્લામાં માર્ચ મહિનામાં તાપમાનનો પારો ધીમે ધીમે ઉચકાતો જઈ રહ્યો છે. માર્ચ મહિનાના અંત સુધીમાં તો ગુજરાતીઓ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. માર્ચના અંત સુધીમાં રાજ્યના કેટલાક વિસ્તારમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી શકે છે. દરમ્યાન હવામાન વિભાગ દ્વારા રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે. તે ઉપરાંત આગામી પાંચ દિવસ સુધી દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને બફારો સહન કરવો પડશે. ગરમીનું પ્રમાણ વધવાને કારણે દરિયાકાંઠાના અનેક શહેરી વિસ્તારોમાં વહેલી સવારથી જ ગાઢ ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળ્યું હતું. ધુમ્મસભર્યા વાતાવરણને કારણે વિઝિબિલિટી પણ ઓછી થતાં વરસાદ જેવો માહોલ સર્જાયો હતો. પરંતુ વરસાદ વરસ્યો ન હતો. હવામાન વિભાગે આગામી ૫ દિવસ માટે રાજ્યના વાતાવરણ વિશે આગાહી કરતા સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક વિસ્તારોમાં હીટવેવની આગાહી કરી છે. તે ઉપરાંત આગામી પાંચ દિવસમાં રાજ્યના મોટા ભાગના જિલ્લામાં મહત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સુધી વધી શકે તેવી શક્યતા છે. માર્ચ મહિનાના અંત સુધીમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીને પાર પહોંચે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. ત્યારે આજે કેટલાક વિસ્તારમાં



હીટવેવની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ દરમ્યાન કચ્છના કંડલા બંદર ઉપર અને સૌરાષ્ટ્રના પોરબંદરમાં હીટવેવની સંભાવના છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું હતું કે, આગામી પાંચ દિવસ દરમ્યાન રાજ્યમાં વાતાવરણ સુકુ રહેશે તથા ગરમીનું પ્રમાણ પણ વધે તેવી શક્યતા છે. આગામી પાંચ દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન કેટલાક જિલ્લાઓમાં એકથી બે ડિગ્રી જ્યારે કેટલાક વિસ્તારોમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. જ્યારે ઉત્તર ગુજરાતના જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૩૫થી ૩૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

# પેટ્રોલ ડિઝલમાં નજીવો ભાવ ઘટાડો એ માત્ર ચૂંટણીલક્ષી ભાવ ઘટાડો છે

અમદાવાદ તા.૨૨

જ્યારે પણ ચૂંટણીઓ નજીક આવે છે ત્યારે સરકારો લોકશાહી યોજનાઓ અને પ્રોજેક્ટ્સનું અનાવરણ કરે છે, ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો કરવા જેવી અનેક જાહેરાતો કરે છે અને આ કોઈ નવી વાત નથી. પેટ્રોલ અને હવે ડીઝલના ભાવમાં પ્રતિલિટર બે રૂપિયાનો ઘટાડો પણ આ વ્યૂહરચનાનો એક ભાગ કહી શકાય છે. સ્વાભાવિક રીતે જ વિપક્ષી પાર્ટીઓ આ માટે સરકારની મજાક ઉડાવી રહી છે. પરંતુ સરકારની નજરમાં કદાચ આ માત્ર સંયોગની બાબત છે. જો કે, છેલ્લા બે વર્ષથી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર રહ્યા હતા.

જો કે આ દરમ્યાન ક્રૂડ ઓઈલના ભાવમાં ઘણી વધઘટ જોવા મળી હતી, જેને જોતા પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં ઘટાડો કરવામાં આવે તેવી માંગ ઊઠી હતી. પરંતુ તે સમયે સરકારે દલીલ કરી હતી કે તેલના ભાવમાં ઘટાડો કરવામાં આવશે નહીં જેથી ઓઈલ કંપનીઓને થયેલા નુકસાનની ભરપાઈ કરી શકાય. અગાઉના નિયમ મુજબ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોના આધારે પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં ફેરફાર કરવામાં આવતો હતો. પરંતુ સરકારે આ દલીલ સાથે તેલની કિંમતો જાતે જ નક્કી કરવાનું શરૂ કર્યું કે જો ક્રૂડ ઓઈલના ભાવ ઘટશે તો ઓઈલ કંપનીઓ જે કમાણી કરશે તે તેમના તેલના ભંડારને વધારવામાં મદદ કરશે.

તેલના છૂટક ભાવમાં વધારો ફુગાવાને પણ અસર કરે છે. આના કારણે માલના પરિવહનનો ખર્ચ વધે છે, કૃષિ કાર્યમાં ઉત્પાદન ખર્ચ વધે છે, જેના કારણે બજારમાં માલના ભાવ ક્યારેક નિયંત્રણ બહાર જાય છે. તેથી, ફુગાવાને અંકુશમાં લેવા માટે, તેલના છૂટક ભાવોને સંતુલિત કરવા સૂચનો કરવામાં આવે છે. પરંતુ નવાઈની વાત એ છે કે છૂટક ફુગાવો ચિંતાજનક સ્તરે પહોંચ્યો હોવા છતાં, સરકારે તેલના ભાવ ઘટાડવાનું વિચાર્યું ન હતું. સૌથી મોટી બાબત તેલ ઉપરની એક્સાઈઝ ડ્યુટીને લઈને છે. રિટેલ ઓઈલના ભાવ આટલા ઊંચા સ્તરે પહોંચી ગયા છે તેનું કારણ એ છે કે રાજ્ય અને કેન્દ્ર સરકાર તેના પર ખૂબ જ વધુ એક્સાઈઝ ડ્યુટી વસૂલે છે.

કેન્દ્ર સરકાર લીટર દીઠ વધુ એક્સાઈઝ ડ્યુટી વસૂલે છે, તેને ઘટાડવાની માંગ ઘણી વખત ઊઠી હતી, પરંતુ અમુક પ્રસંગોએ તેમાં ઘટાડો કરવામાં આવ્યો હતો પણ તે માત્ર ચૂંટણીના સમયે જ કરવામાં આવતા હતા. ઉદાહરણ તરીકે, ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી દરમ્યાન કેન્દ્ર સરકારે તેની એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કર્યો હતો. જ્યારે સેન્ટ્રલ એક્સાઈઝ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો ત્યારે પણ આ જ દલીલ કરવામાં આવી હતી કે આ ડ્યુટીનો ઉપયોગ ઓઈલ સ્ટોરેજ વધારવા માટે કરવામાં આવશે, જેથી ઈમરજન્સીના સંજોગોમાં તેલના ભાવને નિયંત્રિત કરી શકાય. પરંતુ કેટલું સ્ટોરેજ શક્ય હતું તે અંગે કોઈ ડેટા ઉપલબ્ધ નથી. આજે ડીઝલ અને પેટ્રોલ સામાન્ય ગ્રાહકના રોજિંદા ખર્ચનો ભાગ બની ગયા છે. તેમની કિંમતોમાં વધારાને કારણે તેમના માસિક ખર્ચમાં વધારો થાય છે. સરકારનો તાજેતરનો નિર્ણય નિઃશંકપણે સામાન્ય લોકોને થોડી રાહત આપશે, પરંતુ અગાઉના વધારાની સરખામણીમાં આ કાપ એટલો ઓછો છે કે તેની તેમના ખિસ્સા ઉપર બહુ હકારાત્મક અસર નહીં થાય. મોટાભાગના રાજ્યોમાં, છૂટક પેટ્રોલ અને ડીઝલના ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ લીટરને પાર કરી ગયા છે. તેમાં બે રૂપિયાનો ઘટાડો ઊંટના મોંમાં જીરા સમાન છે. આથી જો ચૂંટણીને ધ્યાનમાં રાખીને સરકારે આ નિર્ણય લીધો છે તો તેનો ભાગ્યે જ કોઈ મોટો લાભ થશે.

# લોકસભા ચૂંટણી અંગેની ફરિયાદો તથા રજૂઆતો કરવા કંટ્રોલરૂમ કાર્યરત

અમદાવાદ,તા.૨૨

લોકસભાની ચૂંટણી તથા પાંચ ગુજરાત વિધાનસભાની બેઠકોની પેટાચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણી ન્યાયિક અને

પારદર્શક રીતે યોજાય અને ચૂંટણીની આદર્શ આચાર સંહિતાનું ચુસ્તપણે પાલન થાય તેની દેખરેખ તેમજ મળતી ફરિયાદોના ઝડપથી અસરકારક નિયંત્રણ થાય તે હેતુથી અધિક સચિવ, મુખ્ય નિર્વાચન અધિકારી કચેરી દ્વારા ગાંધીનગર ખાતે એક નિયંત્રણ કક્ષ કાર્યરત કરવામાં આવેલ છે. ચૂંટણીની જાહેરાત થતા જ સમગ્ર દેશમાં આચારસંહિતાનો અમલ શરૂ થયો છે. દરેક જાહેર જગ્યાઓથી પ્રચારાત્મક સામગ્રીઓ હટાવી દેવામાં આવી છે. આચારસંહિતાના અમલનો ભંગ તેમજ ચૂંટણી અંગે ફરિયાદોનું ઝડપથી નિવારણ લાવવા ગાંધીનગર ખાતે એક કંટ્રોલરૂમ તા.૧૬ માર્ચના રોજથી કાર્યરત કરવામાં આવ્યો છે. આ કંટ્રોલરૂમની સેવાઓ ચૂંટણી પરિણામ સુધી એટલે કે તા.૬-૬-૨૦૨૪ સુધી ચાલુ રાખવામાં આવશે.

# ટોરેન્ટ ગ્રુપનું UNM ફાઉન્ડેશન રાજકોટને આગંણે 'અભિવ્યક્તિ' લઈને આવી રહ્યું છે

## અમદાવાદ, વડોદરા અને સુરતમાં ''અભિવ્યક્તિ''ની સફળ આવૃત્તિઓ બાદ હવે આગામી ૨૨-૨૩ માર્ચ, ૨૦૨૪ના રોજ રાજકોટના દર્શકોને મંત્રમુગ્ધ કરવા કરવા આવી રહ્યા છીએ : વહેલા તે પહેલાના ધોરણે દર્શકો માટે પ્રવેશ નિઃશુલ્ક રહેશે






રાજકોટ તા. ૨૨ અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટ - ટોરેન્ટ ગ્રુપના મહેતા પરિવાર સંચાલિત UNM ફાઉન્ડેશનની એક આગવી પહેલ છે. જે ઉભરતા કલાકારોના માધ્યમથી કલાના વિવિધ સ્વરૂપોને પ્રોત્સાહન આપવા અને તેને દર્શકો સમક્ષ રજુ કરવાનો સુંદર પ્રયત્ન કરી રહ્યું છે. 'અભિવ્યકિત'ના પ્રદર્શનને નિહાળવા માટે કોઈપણ પ્રકારના આર્થિક કે સામાજિક ભેદભાવ વગર દર્શકોને વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે. અમદાવાદમાં પાંચ આવૃત્તિ, વડોદરામાં બે અને સુરતમાં એક આવૃત્તિ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા બાદ હવે અભિવ્યક્તિ હવે આગામી ૨૨ અને ૨૩ માર્ચ, ૨૦૨૪ ના રોજ રાજકોટ શહેરમાં પોતાનું પ્રથમ પ્રદર્શન યોજવા જઈ રહ્યું છે. UNM ફાઉન્ડેશનની અભિવ્યક્તિ રાજકોટ આવૃત્તિ આ કલા ઉત્સવને વિવિધ શહેરોમાં કલા પ્રશંસકો સુધી લઈ જવાની યોજનાનો એક ભાગ છે. રાજકોટમાં 'અભિવ્યક્તિ'ના બેનર હેઠળ આ બે દિવસીય કલાઉત્સવનું આયોજન કોર્ટયાર્ડ એસ.એન. કણસાગરા સ્કૂલ, યુનિવર્સિટી રોડ, આકાશવાણી ક્વાર્ટર, પંચાયત નગરની સામે યોજાશે. જેમાં સંગીત, નૃત્ય અને નાટક સ્વરૂપે દર્શકોમાં આગવી છાપ ધરાવતા પ્રખ્યાત પ્રદર્શનો રજુ કરવામાં આવશે. અભિવ્યકિતનો પ્રારંભ વર્ષ ૨૦૧૮માં અમદાવાદથી થયો હતો. અત્યાર સુધી UNM ફાઉન્ડેશનની પહેલ દ્વારા પુરા પાડવામાં આવેલ મંચ ઉપર દેશભરના ૩૩૦થી વધુ કલાકારોએ પોતાની સક્રિય ભાગીદારી નોંધાવી છે અને અત્યાર સુધી દર વર્ષે અભિવ્યકિતના મંચે નામના અને દર્શકોની પ્રશંસા મેળવી છે. અમદાવાદ, વડોદરા અને સુરત ખાતે અભિવ્યકિતની તમામ આવૃત્તિમાં કુલ ૨.૬ લાખથી વધુ દર્શકો અભિવ્યકિતના પ્રદર્શનોનો આનંદ માણી ચુક્યા છે.

પ્રથમ દિવસે એટલે કે ૨૨મી માર્ચના રોજ પ્રદર્શનમાં ધારા રૂઘાણી અને ઉન્નતિ અજમેરા દ્વારા 'ધેર કમ્સ પાપા' શીર્ષક હેઠળ નૃત્ય પ્રદર્શન અને રૂપિન શાહ દ્વારા 'રંગ રંગ સુંદરી' નામનું નાટક રજુ કરવામાં આવશે. બીજા દિવસે એટલે કે ૨૩મી માર્ચના રોજ જીગ્નેશ સુરાણી દ્વારા નૃત્ય પ્રદર્શન 'ગરવો ગિરનાર' અને રવિ-રાજન દ્વારા સંગીતમયપ્રસ્તુતિ 'કબીર તત્વ' રજુ કરવામાં આવશે. તમામ પ્રસ્તુતિઓ માટે પ્રવેશ નિઃશુલ્ક રહેશે. સંગીતમાં ભાર્ગવ પુરોહિત, નાટકમાં ચિરાગ મોદી, ડાન્સ ક્યુરેટર્સ જૈમિલ જોશી અને કથંકી રાવલ શેઠ અને સોનલ ભાર્ગવ સહિતના અગ્રણી આર્ટ ક્યુરેટર્સ દ્વારા આ પ્રસ્તુતિઓ ક્યુરેટ કરવામાં આવી છે. અભિવ્યકિતની રાજકોટ આવૃત્તિના પ્રદર્શનને કલા મંડળના જાણીતા નામો દક્ષા શેઠ (નૃત્ય), રજત ધોળકિયા (સંગીત) અને સૌમ્યા જોશી (નાટક) દ્વારા મેન્ટરીંગ (માર્ગદર્શન) આપવામાં આવ્યું છે.

**કલાકારોનો પરિચય અને તેમના પ્રદર્શન**

ધારા રૂઘાણી અને ઉન્નતિ અજમેરા ''ધેર કમ્સ પાપા'' નામનું કન્ટેમ્પરરી અને મોહિનીઅટ્ટમ નૃત્ય રજૂ કરશે. ધારા રૂઘાણી અને ઉન્નતિ અજમેરા ભરતનાટ્યમ અને મોહિનીઅટ્ટમની નૃત્ય બેલડી છે. ઉન્નતિ મોહિનીઅટ્ટમમાં માસ્ટર્સની ડીગ્રી ધરાવે છે અને તેમણે ૯ વર્ષ ભરતનાટ્યમની તાલીમ પણ લીધી છે. ધારા રૂઘાણી એક ભરતનાટ્યમ નૃત્યાંગના છે, તેમણે જાણીતા કલાકાર ટેરેન્સ લુઈસ સાથે સમકાલીન/જાઝ/બેલેટમાં પણ તાલીમ લીધી છે. અભિવ્યક્તિ સિટી આર્ટસ પ્રોજેક્ટની આ આવૃત્તિમાં ધારા અને ઉન્નતિ મોહિનિયટ્ટમ અને ભરતનાટ્યમના માધ્યથી મહાપ્રભાના ચિત્રને જીવંત બનાવશે, આ એકે એવી વાર્તા છે જે દર્શકોને પોતાની રીતે મહાપ્રભાના જીવનનો અનુભવ કરાવશે. આ નૃત્ય નાટક 'કોઈપણ કલા તમને બીજી દુનિયામાં લઈ જઈ શકે છે' એ વિચારને સાર્થક કરી બતાવશે.

રૂપિન શાહ નાટક ''રંગ રંગ સુંદરી'' રજૂ કરશે, જે મહાન નાટક કલાકાર જયશંકર સુંદરીના જીવનની સંગીતમય રજુઆત છે. આ નાટક જયશંકર સુંદરી તરીકે ઓળખાતા ગુજરાતી રંગભૂમિના ટોચના કલાકાર જયશંકર ભોજકની મનમોહક યાત્રાને રંગમંચ ઉપર જીવંત બનાવશે. બે ગાયકો સાથે તબલા, પખાવજ, હાર્મોનિયમ, સિતાર અને સારંગી જેવા વાદ્યો દ્વારા જીવંત સંગીત સાથેની આ રજુઆત જાણીતા પુસ્તક 'થોડા આંસુ, થોડું ફૂલ' તેમજ 'સૌભાગ્ય સુંદરી' અને 'જુગલ જુગારી' જેવા નાટકો ઉપર આધારીત છે. ગિરનાર પર્વત સંસ્કૃતિ, ઈતિહાસ, શ્રદ્ધા અને ભક્તિની શક્તિથી આજે પણ અડીખમ ઉભો છે. આપણે ગુજરાતીઓ તેને 'ગરવો ગિરનાર' કહીને સંબોધીએ છીએ. ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના જૂનાગઢમાં આવેલ ગિરનાર ગુજરાત રાજ્યનો સૌથી ઊંચો પર્વત છે. ગરવો ગિરનાર જૈન ધર્મ, શૈવ ધર્મ, શક્તિ સંપ્રદાય અને ગુરુ દત્તાત્રેય ભગવાન જેવા વિવિધ ધાર્મિક સંપ્રદાયો અને એકીકરણના પ્રતિક તરીકે અડીખમ ઊભો છે. જિજ્ઞેશ સુરાણી પોતાની રજુઆત 'ગરવો ગિરનાર' માં ભરતનાટ્યમ અને ગુજરાતી લોકનૃત્યના માધ્યમથી આ ધાર્મિક પર્વતના વિવિધ શિખરોની વાર્તાઓ અને વર્ણનો રજૂ કરશે.

# પેન્શન વધારાની રાહ જોતા પેન્શનરોને ધીરજ રાખવા મધુર સોશ્યલ ગ્રુપ દ્વારા અપીલ

જૂનાગઢ, તા.૨૨ દેશના ૬૫ લાખથી વધુ કર્મચારી ઈપીએફ આધારિત પેન્શન વધારાનો ઈંતેજાર કરી લોકશાહી-ધર્મ મુજબ સત્યાગ્રહ કરી માતબર રકમના પેન્શન માટે ધીરજ થી પ્રતીક્ષા કરી રહ્યા છે. મામુલી રકમના બદલે માતબાર રકમનું પેન્શન મળવાની આશા રાખનારાઓ માટે હવે ચૂંટણી આચારસંહિતાને લઈ નવી સરકારની રચના સુધી વધુ એક મુદત માટે રાહ જોવાની ફરજ પડી છે. ત્યારે મધુર સોશ્યલ ગ્રુપના પ્રમુખ અને પેન્શનના હક માટે લડત આપનાર સલીમ ગુજરાતીએ તમામ પેન્શન ધારકોને ધીરજ રાખવા અપીલ કરી જણાવ્યું છે કે, લાખ પ્રયત્નો છતાં કર્મચારીઓને હકમાં વિલંબ થાય છે, ત્યારે ઈશ્વર-અલ્લાહ ઉપર ભરોસો રાખી, જે છે તેનાથી સંતોષ માની જીવનનો સંઘર્ષ જારી રાખી પરિવારની જવાબદારીની ફરજ બજાવવામાં કર્મચારીઓને મજબૂત મનોબળે- રાખવું અને પેન્શનના વધારાની બાબત કિસ્મત ઉપર છોડી દેવી. ક્યારેક કુદરત આપણને ન્યાય આપશે જ તેવી આશા રાખવા તમામને અપીલ કરી છે.

# માણાવદર પોલીસ સ્ટેશન વિસ્તારના સરદારગઢ તથા ઉંટડી ગામની સીમમાંથી ૧૫ મણ જીરૂના પાકની થયેલ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી પોલીસ

## ગણતરીના દિવસોમાં ચોરાયેલ જીરૂ તથા ચોર ઈસમોને કુલ રૂા.૭૫,૫૧૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી માણાવદર પોલીસ



માણાવદર તા. ૨૨ જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાજડીયા તથા જુનાગઢ જીલ્લાના પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી બી.સી.ઠક્કર, કેશોદ ડીવીઝનનાઓ દ્વારા જિલ્લામાં બનતા ચોરીઓના વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અને આવા ગુન્હાઓ બનતા અટકાવવા તેમજ ચોરીઓની પ્રવૃતિ કરતા ઈસમોને પકડી પાડવા અને હાલમાં ખેડુતોનો રવિ પાક તૈયાર થવાની સીઝન હોય અને ખેડુતો તૈયાર થયેલ પાક તેઓના વાડી ખેતરમાં ખુલ્લામાં રાખતા હોય જેથી સીમ ચોરીઓના બનાવો બનતા અટકાવવા તેમજ બનેલ બનાવો ડીટેકટ કરવા સુચના કરવામાં આવેલ હોય જે અન્વયે ગઈ તા-૦૯/૦૩/૨૦૨૪ ના રોજ સરદારગઢ ગામ વાડી વિસ્તારમાં જીરૂ ભરેલ કોથળા નંગ-૨ જીરૂ આશરે ૬ મણ તથા ખાલી બારદાન નંગ- ૧ મળી કુલ રૂા.૩૦,૨૧૦ની ચોરી થયેલ હોય જે અંગે માણાવદર પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી.ક. ૩૭૯ મુજબ તથા તા.૧૭/૦૩/૨૦૨૪ના રોજ ઉટડી ગામે વાડી વિસ્તારમાંથી જીરૂ ભરેલ કોથળા નંગ-૬ જી. આશરે ૯ મણ આશરે કિ.રૂા. ૪૫,૩૦૦/- ની ચોરી થયેલ હોય જે અંગે માણાવદર પો.સ્ટે.માં આઈ.પી.સી.ક. ૩૭૯ મુજબ ના બે ગુન્હોઓ રજી. થયેલ હોય અને બન્ને ચોરીના ગુન્હો શોધી કાઢવા સતત પ્રયત્નશીલ હતા દરમ્યાન પો.સ.ઈ. સી.વાય.બારોટ તથા પો.હેડ.કોન્સ. રમેશભાઈ લખમણભાઈ ગલ તથા પો.કોન્સ. દેવાણંદભાઈ ધરણાંતભાઈ મારૂ તથા પો.કોન્સ. વિક્રમભાઈ રામભાઈ કડછા તથા ડ્રા.પો.કોન્સ. ચાપરાજભાઈ લુણવીરભાઈ સીંધવ વાળાઓને સંયુકત રીતે ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે ઉપરોકત બન્ને ચોરી કરનાર ઈસમો માણાવદર જૂનાગઢ રોડ ઉપર ગળવાવ ફાટક પાસે ચાર મો.સાસાયકલ સાથે ઉભેલ હોવાની હકિકત મળતા તુરતજ ગળવાવ ફાટક ખાતે જઇ બાતમી હકિકત વાળા છ ઈસમોને ચાર મો.સાયકલ સાથે ઝડપી લઈ પો.સ્ટે. ખાતે લાવી તેઓના સઘન પુછપરછ કરતા ઉપરોકત બન્નેએ ચોરી કરેલની કબુલાત આપેલ હાય અને ચોરી કરેલ મુદ્દમાલ જીરૂ આરોપીઓએ તેમના રહેણાંક મકાનના ધાબા ઉપર રાખેલ હોય જેથી આરોપીઓને સાથે રાખી સાંતલપુર ધાર મુકામે આરોપીઓના રહેણાંક મકાને ધાબા ઉપરથી ચોરીમાં ગયેલ મુદમાલ જીરૂ ભરેલ કોથળા નંગ-૯ જીરૂ આશરે ૧૫ મણ જેની કિ.રૂા. આશરે ૭૫,૫૧૦/- નો મુદમાલ કબ્જે કરવામાં આવેલ તેમજ આરોપીઓએ ચોરી કરવામાં ઉપયોગ કરેલ મો.સાયકલ નંગ-૪ કિ.રૂા. ૧,૧૭,૦૦૦/-ના ગુન્હાના કામે કબ્જે કરવામાં આવેલ અને આરોપીઓને ધોરણસર અટક કરવામાં આવેલ છે. આમ આ બન્ને ચોરીના બનાવ બન્યાના ગણતરીના દિવસોમાં આ ચોરીઓના ગુન્હાઓને શોધી કાઢી ચોરીમાં ગયેલ મુદમાલ તથા આરોપીઓને પકડી પાડેલ. ઉપરોકત બંને ગુનાઓમાં પકડાયેલ આરોપીઓમાં (૧) સિદીકભાઈ અબ્દુલભાઈ જુણેજા જાતે-ડફેર(મુસ્લીમ) ઉ.વ.૪૫, (૨) અનવરભાઈ ઉર્ફે અનુડો કરીમભાઈ જુણેજા જાતે-ડફેર(મુસ્લીમ) ઉ.વ.૨૪, (૩) અકબરભાઈ ગનીભાઈ લાડક જાતે-ડફેર (મુસ્લીમ) ઉ.વ.૨૫ રહે. (૪) સલીમભાઈ અલ્લારખાભાઈ મોરી જાતે-ડફેર(મુસ્લીમ) ઉ.વ.૪૨, (૫) ઈકબાલભાઈ હાસમભાઈ લાડક જાતે-ડફેર(મુસ્લીમ) ઉ.વ.૨૨, (૬) યાકુબભાઈ હુસેનભાઈ લાડક જાતે-ડફેર(મુસ્લીમ) ઉ.વ.૨૯ રહે. બધા સાંતલપુર ધાર તા.વંથલી જી. જૂનાગઢવાળાનો સમાવેશ થાય છે. આ કામગીરીમા માણાવદર પો.સ્ટે. ના પો.સબ ઈન્સ.સી.વાય.બારોટ તથા પો.સ્ટાફના માણસો પો.હેડ વિક્રમસિહ જયતાભાઈ સીસોદીયા તથા સિધાંતભાઈ ધીરૂભાઈ નિમાવત તથા રમેશભાઈ લખમણભાઈ ગલ તથા પો.કોન્સ.દેવાણંદભાઈ ધરણાંતભાઈ મારૂ તથા વિક્રમભાઈ રામભાઈ કડછા તથા ડ્રા.પો.કોન્સ. ચાપરાજભાઈ લુણવીરભાઈ સીંધવ વગેરે જોડાયા હતા.

# • રમઝાન મુબારક •




## ચારિત્ર્યનો પ્રભાવ

અરશ જનજાતિનો એક માણસ તેના ઊંટ વેચવા માટે મક્કા લાવ્યો. અબુજહલે તેની સાથે તમામ ઊંટોનો વેપાર કર્યો. ઊંટ લીધા પછી અબુ જહલે કિંમત ચૂકવવામાં મોડું કરવાનું શરૂ કર્યું. અરાશી ઘણાં દિવસો સુધી મક્કામાં રહ્યો, પરંતુ અબુ જહલ જુદા જુદા બહાનાં બનાવતો રહ્યો. જ્યારે અરાશી કંટાળી ગયો, ત્યારે તે એક દિવસ હરમ-એ-કાબા પહોંચ્યો અને કુરૈશના સરદારોને તેની દુવિધા વિશે કહ્યું અને વિનંતી કરી કે મારા પૈસા અબુજહલ પાસેથી અપાવો. હું એક ગરીબ પ્રવાસી છું, અલ્લાહ માટે મારી મદદ કરો. તે સમયે જ્યારે તે કુરૈશના નેતાઓને પોકારી રહ્યો હતો, ત્યારે પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પણ હરમ-એ-કાબાનાં એક ખૂણામાં બેસેલાં હતાં. કુરૈશના સરદારોને મજાક - મસ્તી માટે આરાશીને કહ્યું કે પેલા ખૂણામાં જે વ્યક્તિ બેસેલ છે તેમની પાસે જાઓ તે તમારી મદદ કરશે. આરાશી તેમની પાસે ગયો. કુરૈશના સરદારોને એમ કે હવે તમાશો જોવાની મજા આવશે. કેમકે અબુ જહલ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો મોટો શત્રુ હતો. અજાણી વ્યક્તિનું રુદન સાંભળીને, પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તે જ સમયે ઉભા થયા અને અબુજહલનાં ઘરે પહોંચ્યા. પયગંબર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમએ રુઆબદાર અવાજમાં કહ્યું, "તમેઆ ઉમરાવ પાસેથી ઊંટ ખરીદ્યા છે, તરત જ ઊંટોનાં પૈસા લાવો અને આ વ્યક્તિને આપી દો." તેમની મહાનતા અને ચારિત્ર્યના ડરનું પરિણામ હતું કે અબુજહલે જરૂરી રકમ અરાશીને આપી દીધી.

| | |
|---|---|
| રોઝા | - ૧૧ શુક્રવાર |
| ઈફતાર | - ૭ : ૦૪ |
| રોઝા | - ૧૨ શનિવાર |
| શહેરી | - ૫ : ૩૬ |

આ ઘટનામાંથી આપણને એક બોધપાઠ મળે છે કે આપણે જુલમ કરનારને સાથ આપવો જોઈએ, પછી ભલે તે જુલમી બીજી કૌમનો હોય! અલ્લાહતઆલા આપણને સારા કાર્યો કરવાની તૌફીક આપે. (આમીન).

## અને ફઝાલાની કાયાપલટ થઇ ગઇ

ફઝાલા બિન ઉમૈર અલ્લાહના રસૂલના કટ્ટર શત્રુઓમાંના એક હતા. જ્યારે તે મક્કાની જીતના પ્રસંગે મક્કામાં રોકાયા હતાં, ત્યારે ફઝાલાએ દેખીતી રીતે ઈસ્લામ સ્વીકાર્યો, પરંતુ તેમના દિલમાં અલ્લાહનાં રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પ્રત્યે સખત નફરત અને દુશ્મનાવટ હતી. તેમણે એવો પ્રોગ્રામ બનાવ્યો કે જ્યારે પણ તેને તક મળે ત્યારે તે અલ્લાહના રસુલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને મારી નાંખશે. તેને ખબર હતી કે આ કોઈ મામૂલી કામ નથી. પકડાશે તો તુરંત ધરપકડ કરીને તેને મારી નાંખવામાં આવશે.

ફઝાલાએ વિચાર્યું કે જો તેના દુષ્ટ ઈરાદાઓ પૂરા થયા પછી તેને મારી નાખવામાં આવે તો પણ કોઈ વાંધો નથી, તેના મનમાં એક શેતાની વિચાર આવ્યો કે જ્યારે અલ્લાહના રસૂલ મક્કાની પરિક્રમા કરી રહ્યાં હોય ત્યારે શ્રેષ્ઠ તક હોઈ શકે છે. તેણે તલવારને તેના કપડામાં છુપાવી દીધી અને તે સમયની રાહ જોઈ રહ્યો જ્યારે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તવાફ માટે આવે. જ્યારે અલ્લાહનાં રસુલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તવાફ કરી રહ્યાં હતાં. તેણે પણ પરિક્રમા શરૂ કરી. તે હુમલો કરવાની તક શોધી રહ્યો હતો. અલ્લાહ તઆલાએ તરત જ તેના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ફઝાલાનાં નાપાક ઈરાદા વિશે જાણ કરી. આપ ઈચ્છતા તો તેને ગિરફતાર કરાવી દેત પણ તે તો મહા દયાવાન હતાં. જ્યારે ફઝાલા નજીક આવ્યો તો અલ્લાહના રસુલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેને સંબોધીને કહ્યું: ફઝાલા શું વિચારો છો? ફઝાલાએ ઘબરાઈને કહ્યું અલ્લાહને યાદ કરું છું. અલ્લાહના રસૂલે સ્મિત કર્યુ અને કહ્યું આલ્લાહથી ક્ષમા માંગો, અને પોતાનો હાથ તેની છાતી પર મૂક્યો. એક ક્ષણમાં ફઝાલાની કાયા પલટ થઈ ગઈ. એક ક્ષણ પહેલા જે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો કટ્ટર શત્રુ હતો તે તેના માટે સૌથી પ્રિય વ્યક્તિ બની ગયો.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

### 'એલિવેટર અને એસ્કેલેટર સેફ્ટી ટ્રસ્ટે'

# એલિવેટર વપરાશકર્તાઓમાં સલામતી જાગૃતિ ફેલાવવાના ૧૫ વર્ષ પૂર્ણ કર્યા

અમદાવાદ તા. ૨૨ એલિવેટર અને એસ્કેલેટર સેફ્ટી ટ્રસ્ટ (EEST) – એલિવેટર અને એસ્કેલેટર વપરાશકર્તાઓમાં સલામતી જાગૃતિ ફેલાવવાના મિશન સાથે એક સખાવતી અને શૈક્ષણિક ટ્રસ્ટે લોકોની સેવાના ૧૫ હેતુપૂર્ણ વર્ષ પૂર્ણ કર્યા છે. વર્ષ ૨૦૦૮માં સ્થપાયેલ એલિવેટર અને એસ્કેલેટર સેફ્ટી ટ્રસ્ટ ૧૫ વર્ષથી વધુ સમયથી શાળાઓ, હોસ્પિટલો, મોલ્સ અને હાઉસિંગ સોસાયટીઓમાં સુરક્ષા કાર્યક્રમોનું આયોજન કરે છે. EEST વિવિધ સ્તરોના ૪,૫૦,૦૦૦ થી વધુ લોકો સુધી પહોંચ્યું છે અને પ્રભાવિત કર્યું છે અને તેમની સાથે તેમની સ્થાનિક ભાષાઓમાં વાત કરવામાં આવી છે. ઈઈજી સેફ્ટી મોડ્યુલ "ધ સેફ-ટી રાઈડર" વિડિયોને ૮ ભાષાઓમાં ડબ કરવામાં આવ્યો છે. તેમાં અંગ્રેજી, બંગાળી, ગુજરાતી, હિન્દી, મરાઠી, તમિલ, કન્નડ, મલયાલમ અને તેલુગુ નો સમાવેશ થાય છે. એલિવેટર કંપનીઓ કે જેમણે આ આઉટરીચને સમર્થન આપ્યું છે તેમાં જોહ્નસન લિફ્ટ્સ, ઓટીઆઈએસ એલિવેટર્સ, ટીકે એલિવેટર ઈન્ડિયા, સિટી લિફ્ટ્સ, ફ્યુજીટેક ઈન્ડિયા, હિટાચી લિફ્ટ્સ, શિન્ડલર ઈન્ડિયા અને તોશિબા જોન્સન એલિવેટર્સ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. જે.કે. જહોન, મેનેજિંગ ડિરેક્ટર, જોન્સન લિફ્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ જણાવે છે કે ''EEST જાહેર જનતાને, ખાસ કરીને નાના બાળકોને લિફ્ટ અને એસ્કેલેટરના સુરક્ષિત ઉપયોગ અંગે શિક્ષિત કરવા માટે એક સંરચિત પદ્ધતિ અને પ્રક્રિયા પૂરી પાડે છે. OTIS ઈન્ડિયાના પ્રમુખ સેબી જોસફ કહે છે કે ''જીવન અમૂલ્ય છે અને સલામતી અમૂલ્ય છે; છેલ્લા ૧૫ વર્ષથી સલામતીને પ્રોત્સાહન આપવા માટે એલિવેટર ઉદ્યોગને આપવામાં આવેલી શાનદાર સેવા માટે EESTને અભિનંદન.'' TK એલિવેટર ઈન્ડિયાના CEO અને MD મનીષ મેહન કહે છે કે ''હું એલિવેટર અને એસ્કેલેટર સેફ્ટી ટ્રસ્ટ (EEST) ને ખૂબ જ સંતોષકારક અને હેતુપૂર્ણ ૧૫ વર્ષની લાંબી મુસાફરી પૂર્ણ કરવા બદલ અભિનંદન આપવા માંગુ છું. એડિટર અને પબ્લિશર, એલિવેટર વર્લ્ડ ઈન્ક.ના રિસિયાએ જણાવ્યું હતું કે ''ભારત અને કેનેડા એકમાત્ર એવા દેશો છે જ્યાં મૂળ સ્ત્રોતમાંથી 'સેફ-ટી રાઈડર' પ્રોગ્રામ છે. તમારા જૂથે આ હાંસલ કરવા માટે ખૂબ જ સખત મહેનત કરી છે.''

# જૂનાગઢ જિલ્લાના શ્રમયોગીઓનો અચૂક મતદાન કરવા માટે નિર્ધાર

## ખાનગી ઔદ્યોગિક સંસ્થાઓમાં શ્રમયોગીઓએ મતાધિકાર અચૂક ઉપયોગ કરવા લીધા શપથ




જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ જિલ્લામાં ખાનગી ઔદ્યોગિક સંસ્થાઓમાં કામ કરતા શ્રમયોગીઓએ લોકશાહીના મહાપર્વમાં અચૂક મતદાન કરીને સહભાગી બનવાનો નિર્ધાર કર્યો છે.

જિલ્લા કલેક્ટરશ્રી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ લેબર ઓફિસર દ્વારા સ્વીપ એક્ટિવીટી હેઠળ કંપનીના શ્રમયોગીઓ સાથે મતદાન જાગૃતિ અંગેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. લેબર ઓફિસર દ્વારા શ્રમયોગીઓને મતદાન એ દરેકનો બંધારણીય અધિકાર છે તથા દરેક શ્રમયોગીઓને પોતાના પરિવારની સાથે અચૂક મતદાન કરવા માટે અનુરોધ કર્યો હતો. ઉપરાંત મતદાનના દિવસે કર્મચારીઓને મળતી રજા તેમજ મતદાનના મહત્વ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જૂનાગઢ જિલ્લાના પાટલા ગામ, ભેંસાણ તાલુકા ખાતે આવેલ ઓસ્ટિન ઈન્જિનનિયરીંગ કંપની લી., જયદિપ એન્જિહનિયરિંગ, ભેંસાણ રોડ જૂનાગઢ તથા દોલતપરા-૨ જી.આઈ.ડી.સી. ખાતે આવેલ કાસ્ટેક ફાઉન્ડનરિઝ પ્રા.લી. અને ક્રીએટીવ કાસ્ટિંગસ લી. કંપનીના શ્રમયોગીઓને દેશની લોકતાંતત્રિક પ્રક્રિયાઓની મર્યાદા જાળવી, સ્વતંત્ર, નિષ્પક્ષ અને શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવી, નિર્ભયતાથી, ધર્મ, વર્ગ, જાતિ, સમાજ, ભાષા તેમજ અન્ય પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય પોતાના નૈતિક મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદાન શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. જેના અનુસંધાને શ્રમયોગીઓ દ્વારા પણ અચૂક મતદાન કરવા માટે નિર્ધાર દર્શાવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના જવાબદાર મેનેજરો દ્વારા પણ હકારાત્મક અભિગમ સાથે શ્રમયોગીઓને મતદાર જાગૃતિ માટે પ્રેરણા આપવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા સહિત ત્રણ જિલ્લાના બે વર્ષથી નાસતા ફરતા આરોપીને દબોચી લેવાયો



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને જિલ્લા પોલીસ તંત્ર દ્વારા વિવિધ દિશાઓમાં કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે. અહીંના જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ અહીં દારૂ-જુગારની પ્રવૃત્તિઓને કાબુમાં લઈ, સાથે સાથે નાસતા ફરતા આરોપીઓ સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અહીંના ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિને મળેલી ચોક્કસ બાતમીના આધારે ટેકનિકલ સોર્સિસ દ્વારા ભાણવડમાં આજથી આશરે બે વર્ષ પૂર્વે નોંધાયેલા હુમલાની ગંભીર કલમ ૩૦૭ તેમજ રાયોટીંગ વિગેરેના ગુનામાં નાસતા ફરતા આરોપી એવા મૂળ પોરબંદર જિલ્લાના રાણાવાવ તાલુકાના રહીશ અને હાલ જામનગર તાબેના નાઘેડી ખાતે રહેતા રામ ઉર્ફે રામકો જીવાભાઈ મોઢવાડિયા (ઉ.વ. ૨૯) અને પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના રહીશ રણજીત ઉર્ફ રણિયો લીલાભાઈ ભુતીયા નામના ૨૨ વર્ષના શખ્સને પોલીસે ઝડપી લીધા હતા.

આરોપી રામ ઉર્ફે રામકો મોઢવાડિયા સામે અગાઉ દેવભૂમિ દ્વારકા, ભાણવડ અને સુરેન્દ્રનગરમાં નોંધાયેલા ગુનાઓમાં તે આશરે બે વર્ષથી નાસતો ફરતો (વોન્ટેડ) હોવાનું પણ જાહેર થયું છે. આ આરોપીઓ બંને અલગ અલગ રહી અને દર ચાર-પાંચ મહિને પોતાનું રહેણાંક બદલાવી નાખી અને અલ્ટરનેટ નંબર અને વોટ્સએપ સાથે કોન્ટેક્ટ કરી અને વોટ્સએપ કોલ મારફતે કોઈના રાઉટર કે વાઈફાઈની મદદથી વી.પી.એન. દ્વારા કેન્યાનો નંબર ભારતમાં ઉપયોગમાં લઈ અને થોડા થોડા સમયે વોટ્સએપ નંબર બદલતા રહેતા હતા. આ ટેકનિક અગાઉ આરોપી જેલમાં ગયો હતો, ત્યારે ત્યાંથી જાણી હોવાનું પણ વધુમાં જાહેર થયું છે.

આરોપી રામ મોઢવાડિયા સામે અગાઉ જામનગર જિલ્લા સહિત કુલ ૩૬ થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. જે પૈકી ૧૫ થી વધુ ગુનામાં તે ત્રણ જિલ્લામાં નાસ્તો ફરતો હતો. આ ઉપરાંત કુતિયાણાનો આરોપી રણજીત ભુતીયા સામે પણ અગાઉ જામનગર, ભાણવડ અને કલ્યાણપુરમાં કુલ છ ગંભીર ગુનાઓ નોંધાયા છે.

આ સમગ્ર કાર્યવાહી ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ, પી.એસ.આઈ. એમ.આર. સવસેટા, એ.એસ.આઈ. શક્તિસિંહ જાડેજા, સુખદેવસિંહ જાડેજા, ચિરાગસિંહ જાડેજા, શક્તિરાજસિંહ ઝાલા, કિશોરસિંહ જાડેજા તથા રામભાઈ વસરા દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયા: હોળીના પદયાત્રીઓની સેવા માટે આવેલો રાજકોટનો યુવાન મૂર્છિત થતાં પોલીસ તંત્ર દ્વારા તાકીદની સેવા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

દ્વારકા જતા પદયાત્રીઓની સલામતીના ભાગરૂપે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા જુદા જુદા વિસ્તારોમાં છેલ્લા ઘણા દિવસો થયા અવિરત રીતે પેટ્રોલિંગ કામગીરી કરવામાં આવી રહી છે. ગઈકાલે ગુરુવારે જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા પેટ્રોલિંગ દરમ્યાન કુવાડીયા ગામના પાટીયા પાસે રોડ ઉપર ઘણા પદયાત્રીઓ ઉભા હતા ત્યારે કોઈ કારણોસર એક વ્યક્તિ બેભાન હાલતમાં રોડથી નીચે પડી ગયો હતો.

રાજકોટ-મુંજકાથી ખાસ સેવા કરવા માટે આવેલા જયેશભાઈ જાદવ? નામના આ યુવાનના મોઢામાંથી લોહી નીકળતા હોય, જેથી પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ, ટ્રાફિક પી.એસ.આઈ. વી.એમ. સોલંકી તથા સાથેના સ્ટાફ દ્વારા સમય સૂચકતા વાપરીને તાત્કાલિક પેટ્રોલિંગની સરકારી બોલેરોમાં જ તેમને ખંભાળિયાની સરકારી હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટર સામત આંબલીયા તથા ટીમ દ્વારા તેમને જરૂરી સારવાર આપવામાં આવી હતી. ત્યાર બાદ દર્દીની સંપૂર્ણ સ્પષ્ટ બન્યા હતા. દર્દીઓના સગા હોય પોલીસની આ કામગીરીની પ્રશંસા કરી, આભારની લાગણી વ્યક્ત કરી હતી. જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સુચના મુજબ અહીંના ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિના સુપરવિઝન હેઠળ જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. વી.એમ. સોલંકી, એ.એસ.આઈ. કાબાભાઈ ચાવડા, મનીષભાઈ દેવમુરારી તથા હેડ કોન્સ. દેવરાભાઈ પંડત દ્વારા હોળી, ધુળેટી પર્વને અનુલક્ષીને અવિરત બંદોબસ્ત હાથ ધરવામાં આવ્યો છે.

# પ્રાચી તીર્થ ખાતે સદગુરૂ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ, હાર્ડવૈદ, જનરલ ચેકઅપ કેમ્પ યોજાયો



(પ્રતિનિધી દ્વારા)

પ્રાંચી તીર્થ તા.૨૨

પ્રાચી તીર્થ ખાતે સદગુરુ સુપર મેગા નેત્ર નિદાન કેમ્પ, જનરલ ચેકઅપ કેમ્પ શ્રી કોળી સમાજ ભવન પ્રાચી ખાતે યોજાયો હતો આ કેમ્પમાં આજુબાજુ વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો આ કેમ્પના દાતા સ્વ સાદુળભાઈ બોસન ની પુણ્યતિથિ નિમિત્તે તેમના સુપુત્ર ડો.પાલાભાઈ સોલંકી વડનગર, શ્રી પાધેશ્વરી આશ્રમ મટાણા ના ઉપવાસી સંત કરસનદાસ બાપુ,ડો. રોહિતભાઈ પટેલ સાવલિયા સાહેબ પ્રાચી, શ્રી રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ ના ડો. અલ્કેશભાઇ,ડો. પ્રવીણભાઈ રાઠોડ, ડો. ભગીરથ સિંહ રાઠોડ સહિતના અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ના પરિવારજનો ના કર કમલો દ્વારા દિપ પ્રાગટય કરી તથા ગાયત્રી પરિવાર ના કાર્યકર્તા પત્રકાર જાદવભાઈ ચુડાસમા એ કેમ્પને ઉદ્બબોધન કરીને આ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો આતકે સૌના માટે વિશ્વના કલ્યાણ તથા સૌનો સદબુદ્ધિ તથા ઉજજવળ ભવિષ્ય માટે ગાયત્રી મહામંત્ર,પાંચ મહામૃત્યુંજય મંત્રનો સામુહિક જાપ કરેલ ગાયત્રી પરિવારના સંસ્થાપક વેદમુર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રી રામ શર્મા આચાર્યજીના જીવન નો સંદેશ પાઠવેલ લોકોને હૃદય ગંમ કરવા આહવાન કરેલ હતું તેમજ સ્વ. સાદુરભાઈ સોલંકી ના પુણ્યતિથિ નિમિત્તે તેમના આત્માને શાંતિ માટે પાંચ ગાયત્રી મહામંત્ર નો જપ કરેલ હતા કેમ્પના દાતાશ્રી ડો.પાલાભાઈ સોલંકી તેમના પરિવાર ને દેવસ્થાપન ના લેમિનેશન ફોટા,પ. પૂજ્ય ગુરુદેવના સાહિત્ય દ્વારા સંત શ્રી કરસનદાસ બાપુ ના હસ્તે સન્માન કરવામાં આવેલ હતું આ કેમ્પમાં ડો. અલ્કેશભાઈ એ કુલ ૧૮૦ દર્દીઓ ને તપાસી જેમાં થી ૫૦ દર્દીઓ ને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ ખાતે લઈ ગયેલ હતા ડો. ભગીરથસિંહ રાઠોડ માધવ ક્લિનિક ઘંટીયા ફાટક એ જનરલ ચેક માં ૭૦ થી વધુ દર્દીઓને તપાસી વિનામૂલ્યે દવા આપવામાં આવી હતી તથા હાર્ડવૈદ હમીરભાઈ એ ૨૦ દર્દીને હાથ પગ સાંધા ના દુખાવા ના મસાજ કરે તથા દાતા તરફ થી સૌના માટે ચા - પાણી તથા સુંદર ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા ગોઠવવામાંઆવી હતી આ કેમ્પ ને સફળ બનાવવા માટે કાનાભાઈ સોલંકી ( બોસન ) નાથાભાઈ સોલંકી ( થરેલી ) નારણભાઈ વાળા ( પાધરૂકા ) તથા જુસબભાઈ વડાળા વજુભાઈ ગોહિલ છગિયા, રાહુલભાઈ રાઠોડ બોસન તથા ડો. પાલાભાઈના પરિવારજનો, ભલુભાઈ વાળા બોસન શોભનાબેન ૬૬કેવી ટીબડી, સોનીબેન ગોરખમઢી,પત્રકાર જાદવભાઈ ચુડાસમા તથા રંભુબેન ઉકાભાઈ ચુડાસમા સેવા સમિતિના સેવાભાવી ભાઈ બહેનો દ્વારા ખુબ જ જહેમત ઉઠાવીને આ કેમ્પને સફળ બનાવ્યો હતો.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

# ખંભાળિયાના આહિર સિંહણ નજીક સોમવારે સંઘાયડાવાળા જખ્ખ ડાડાની પહેડી



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨૨

ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ ગામ તરફના માર્ગે આવેલા શ્રી ક્ષત્રિય સંઘાર સમાજના ઈષ્ટદેવ શ્રી જખ્ખ બૌતેરા ડાડાની પહેડી સમિતિ દ્વારા આગામી સોમવાર તારીખ ૨૫ મીના રોજ શ્રી જખ્ખ બૌતેરા ડાડાની પહેડી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સોમવારે સવારે ૧૦ વાગ્યે નૂતન ધ્વજારોહણ, સાંજે સાડા પાંચ વાગ્યે મહા આરતી, ૬:૩૦ વાગ્યે સમુહ ભોજન તેમજ રાત્રે ૧૦ વાગ્યે રાધા કાન ગોપી મંડળ (ભાયાવદર) દ્વારા રાસ મંડળીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક કાર્યક્રમ માટે સમસ્ત સૌરાષ્ટ્ર-કચ્છ-વાગડના ક્ષત્રિય સંઘાર સમાજ અને દરેક શ્રદ્ધાળુઓને ઉપસ્થિત રહેવા સમિતિના જેસંગભાઈ સંઘાર, ઉપેન્દ્રભાઈ સંઘાર અને કેશુભાઈ સંઘાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# હોળી - ધૂળેટીના તહેવારો નિમિત્તે સુદર્શન સેતુ પર ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૨૨

આગામી હોળી ધૂળેટીના તહેવાર દરમિયાન રાજ્યના જુદા જુદા જિલ્લાઓ તથા અન્ય રાજ્યોમાંથી પદયાત્રીઓ ચાલીને દ્વારકા દર્શનાર્થે આવતા હોય છે. આ પદયાત્રીઓ દિવસ – રાત્રિ દરમિયાન ચાલીને જતા હોવાથી રસ્તા પર સતત ટ્રાફિક રહે છે. તહેવાર દરમિયાન ટ્રાફિકજામની સ્થિતિ નિવારવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા સલામતીની દ્રષ્ટિએ ઈન્ચાર્જ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એક જાહેરનામું પ્રસિદ્ધ કરે તારીખ ૨૭ માર્ચના રાત્રિના આઠ વાગ્યા સુધી સુદર્શન સેતુના ઓખા તરફ આવેલ છેડેથી બેટના દ્વારકાધીશ મંદિર સુધી ભારે વાહનો તેમજ ખાનગી બસના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

# માંગરોળના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયાની માનવતાભરી કામગીરી



(નીલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૨

માંગરોળના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગટીયા વિસાવદર મુકામે વાડી પર જતા હોય ત્યારે રસ્તામાં દાદર ગામ પાસે પતિ પત્ની બાઈક પર જતા હોય અને બાઈક સ્લીપ થતા પત્નીને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હોય ત્યાંથી ધારાસભ્યશ્રી પસાર થતા કારમાંથી ઉતરીને તાત્કાલિક બહેનને તેમજ તેમના પતિ ને પોતાની કારમાં બેસાડી તાત્કાલિક નજીકના દવાખાના પર સારવાર અપાવી. ત્યારબાદ કાર ઘટના સ્થળે આવી ત્યાં સુધી ધારાસભ્ય શ્રી ઘટના સ્થળે ધોમધકતા તાપ વચ્ચે ઊભા રહેલ. માંગરોળના ધારાસભ્ય શ્રી ભગવાનજીભાઈ કરગટીયા દ્વારા આ એક ઉત્તમ પ્રકારનું માનવતાનું ઉદાહરણ પૂરું પાડેલ.

# જીવનમાં જળનું મહત્વ



જાગૃતિ પી. ટુકડીયા
માણાવદર

વિશ્વ જળ દિવસ આમ તો આપણે સૌ જાણીએ જ છીએ એ વિશ્વ જળ દિવસ ૨૨ માર્ચના દિવસે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. આ દિવસને ઉજવવાનો મુખ્ય હેતુ માનવ જાતિને જળનો બચાવ કરવો તથા તેનો દુરુપયોગ ન કરવો તેના વિશે માહિતગાર કરવાનો છે.

જળને ખોટી રીતે વેડફવું નહીં તથા તેને બચાવવાના પ્રયત્નો કઈ રીતે આપણે કરી શકીએ તેનું મુખ્ય હેતુ છે. સમગ્ર વિશ્વમાં જળ દિવસની સૌપ્રથમ શરૂઆત ઈ.સ. ૧૯૯૨ માં રીયો ડી. જાનેરોમ પર્યાવરણ અને તેના વિકાસને લઈને યુનાઈટેડ નેશનલ કોન્ફરન્સ ના એજન્ડા ૨૧ માં કરવામાં આવી હતી.

ઈ. સ. ૧૯૯૩માં વિશ્વમાં સૌપ્રથમ વખત જળ દિવસ મનાવવામાં આવેલો હતો. અત્યારે વર્તમાન સમયની વાત કરીએ તો જળનો વધુ પડતો દૂર ઉપયોગ થતો જોવા મળે છે. આજ રીતે આપણે જળનો દુરુપયોગ કરતા રહેશું તો આપણે બધાને એક દિવસ જળને મેળવવા માટે પણ ખૂબ જ મહેનત કરવી પડશે.

આપણા ભારત દેશ ને પણ જળ મેળવવા માટે બીજા દેશ પાસેથી જળ ની આયાત કરવી પડશે. આપણા ભારત દેશની વાત કરીએ તો જળ માટે આપણે પણ ટેક્સ આપવો પડતો નથી તો પછી આપણે આપણી રીતે જ સમજીને જળનો બચાવ કરવો જોઈએ.

આપણે પણ એક દિવસ જળ માટે બિલ અથવા તો ટેક્સ ચૂકવવો પડશે. જો ભવિષ્યમાં આપણે જળનો દુરુપયોગ કરીશું તો, જે વસ્તુ આપણે ફ્રી માં મળે છે, તો આપણે તેનો સારો ઉપયોગ કરવો જોઈએ. કારણ કે, માનવજાતની જળ વગર કલ્પના જ અશક્ય છે જળ વગર માનવજાતની કલ્પના જ થઈ શકે તેમ નથી. માનવ જાતને જળ પીવા માટે, તેના ઘર વપરાશ માટે , રસોઈ માટે, તેની તેના જીવનની પૂરી દિનચર્યા માટે જળ એ એક મહત્વનો ભાગ ધરાવે છે. જળની અછત અત્યારે વર્તમાન સમયમાં જેટલી છે એટલી જ સમસ્યા અથવા તો તેનાથી પણ વધારે હજુ જળની સમસ્યા ભવિષ્યમાં આવનારી છે. જો આપણે સરખી રીતે અને સાચી રીતે જળનો ઉપયોગ નહીં કરીએ તો આપણે પણ એક દિવસ જળ ની આયાત બીજા દેશ પાસેથી કરવાની રહેશે. અને ત્યારબાદ આપણે પણ જળ ઉપર પણ ટેક્સ આપવો પડશે. માનવ જાતની કલ્પના જ નથી થઈ શકતી જળ વગર તો પછી આપને પણ જળનો સારો એવો ઉપયોગ કરવો જોઈએ. જળ છે તો જ જીવન છે જળ નો ખોટો ઉપયોગ થતો રોકવા માટે આપણે જ આપણી રીતે ઘણા બધા ઉપાયો શોધી શકીએ છીએ.

જળને જો આપણે વેડફવા માટે સક્ષમ હોય તો આપણે જળને બચાવવા માટે પણ સક્ષમ બનવું જોઈએ. જળનો કઈ રીતે ઉપયોગ કરવો અને કઈ રીતે તેનો બચાવ કરવો તે આપણા જ હાથમાં છે. આપણે જળનો બચાવ કઈ રીતે કરી શકીએ છીએ તેના વિશે વાત કરીએ તો આપણા જ હાથમાં છે કે આપણે જરૂરિયાત વગરનું જે જળનો ઉપયોગ ટાળવો જોઈએ, અને થોડો થોડો કરીને જળ નો બચાવ કરવો જોઈએ. તો જ આપણે જળને બચાવી શકીશું. એક કહેવત થાય કે ટીપે ટીપે સરોવર ભરાય તો તે જ કહેવાત એ રીતે પણ સાચી સાબિત થઈ શકે છે કે ટીપે ટીપે સરોવર ખાલી પણ થાય. તો આ જ રીતે આપણે ધ્યાનમાં રાખીને જળનો બચાવ કરવો જોઈએ.

જળ વિષે નાની એવી કવિતા
જળ એ જ જીવન છે,
જો જળ છે તો જ માનવજાત સુખી છે !!
જળ છે તો જ જીવન છે,
જીવનનો એક માત્ર આધાર જળ છે !!
જળ જીવનનું આજ છે,
જળ જીવનનું કાલ પણ છે!
ખેડૂતોના ચહેરા પર ખુશીઓનું કારણ જ જળ છે,
ઘરમાં અનાજ આવે છે તો એમનું માટે ને માત્ર એક કારણ જ જળ છે !!
જળ છે તો માનવ છે,
જળ છે તો માનવજાત છે !
જળ છે તો જિંદગી છે,
જળ છે તો જિંદગીનું આજ, કાલ અને ભવિષ્ય છે !!
જળ બચાવો , જીવન બચાવો,
જીવનનું મહત્વ જળ ને જ બનાવો !!
જળ ધરતી ને અમૃત આપે છે,
જળ એ જ જીવન જીવવાનું કારણ છે !!
જળ બચાવો , માનવ ને જળ નું મહત્વ સમજાવો !!

# માંગરોળ સુરાપુરા વીજાદાદાના સ્મરણાર્થે પુલાવનું વિતરણ કરાયું



(નીલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૨

માણાવદર તાલુકાના ચૂડવા ગામ ના સુરાપુરા વીજા દાદા જેમણે ગૌ રક્ષા માટે પ્રાણ આપેલા એવા વિર આત્મા નાં પુણ્ય સ્મરણાર્થે માંગરોળ માં પોલીસ માં ફરજ બજાવતા રવિભાઈ પરમાર તરફથી માંગરોળ ની વિવિધ વસ્તીઓ માં ગરમાં ગરમ સ્વાદિષ્ટ પુલાવ નું વિતરણ કરવા માં આવેલું સેવા વસ્તી માં બાયપાસ,કામનાથ ચોકડી ભારત ટ્રાવેલ્સ સામે ની બસ્તી ગોકુળ મિલ પાછળ આવેલી બસ્તી માં અંદાજિત ૭૦ કિલો પુલાવ નું વિતરણ કરવામાં આવેલ હતું. વિતરણ સેવા માં રવિભાઈ પરમાર,આકાશભાઈ નાજકાની, આશિષભાઈ જાદવ, હિમેશભાઈ રંગલાની, કાનભાઈ પરમાર તેમજ વંદેમાતરમ ગ્રુપ જોડાયેલ.

# જૂનાગઢ શહેરમાં ગળામાં બળતરા, શરીરમાં દુઃખાવો અને તાવનો વ્યાપક રોગચાળો

## કેમીકલયુકત દ્રાક્ષ ખાવાથી વાયરલ ઈન્ફેકશન થતું હોવાનો તબીબોનો અભિપ્રાય

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વિવિધ પ્રકારના રોગચાળો ચાલી રહ્યો છે. ખાસ કરીને ગળામાં બરતરા, દુઃખાવો, ચાંદા પડવા, તાવ વિગેરે બાબતોથી પીડીતા દર્દીઓથી દવાખાના ઉભરાઈ રહ્યા છે. આ અંગે એવું પણ કહેવામાં આવે કે આ મિશ્ર હવામાનના કારણે આવા પ્રકારના કેસોનો ઉછાડો આવ્યો હોય તેમ કહેવાય છે. પરંતુ બીજી તરફ દર્દીઓ પાસેથી એવું જાણવા મળે છે કે તેઓએ બજારમાં વેંચાતી કેમીકલયુકત દ્રાક્ષ ખાધા બાદ તેઓને ગળામાં ઈન્ફેકશન લાગુ પડયું હતું. શરીમાં દુઃખાવો, કળતર, તાવ જેવી ફરિયાદો ઉઠી હતી. આવા સંખ્યાબંધ દર્દીઓ જૂનાગઢમાં છે અને ત્રણથી ચાર દિવસ સુધી નિદાન અને સારવાર કર્યા બાદ તેઓને આ રોગચાળામાંથી મુકિત મળે



છે. બીજી તરફ નિષ્ણાંતોનો એવો અભિપ્રાય છે કે બજારમાં જે લીલી દ્રાક્ષ મળે છે આ દ્રાક્ષમાં જંતુનાશક કેમિકલનો ઉપયોગ કરવામાં આવે



છે. આ દ્રાક્ષને આ કેમિકલમાં જબોડી દેવામાં આવતી હોય છે અને જેને કારણે પણ આવા રોગચાળા ફેલાતા હોય છે. આ જંતુનાશક કેમિકલ



આરોગ્ય માટે તેમજ શરીર માટે ખતરા સાબિત છે જેથી હાલના સંજોગોમાં આવી દ્રાક્ષ ન ખાવા પણ તબીબોએ સલાહ આપી છે.

# જૂનાગઢમાં હોટલ ધ ફન ખાતે પ્રોપર્ટી-શો લોન્ચીંગ સેરેમનીનો ભવ્ય કાર્યક્રમ યોજાયો

## પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશન(જેપીસીએ)ની બેઠકમાં આગામી તા.૧૬થી ૨૦ મે દરમ્યાન જૂનાગઢને આંગણે પ્રોપર્ટી-શોના આયોજનની જાહેરાત













(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢમાં હોટલ ધ ફન ખાતે ગઈકાલે જૂનાગઢ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશન(જેપીસીએ)ના બેનર હેઠળ એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. બાંધકામ ઉદ્યોગ સાથે સંકળાયેલા અગ્રણી બિલ્ડરોની યોજાયેલી આ બેઠકમાં મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. ખાસ કરીને મે માસમાં જૂનાગઢ ખાતે પ્રોપર્ટી-શોના આયોજન અંગેની જાહેરાત કરવામાં આવી હતી. ગઈકાલે સાંજના ૬ વાગ્યે હોટલ ધ ફન જૂનાગઢ ખાતે પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશન(જેપીસીએ)ના બેનર હેઠળ મહત્વની બેઠક યોજાઈ હતી. જૂનાગઢ જીલ્લામાં મિલ્કતનો લે-વેંચનો વ્યવસાય કરતા પ્રોફેશનલ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ ભાઈઓનું આ સંગઠન છે અને આ સંગઠન દ્વારા મિલ્કતોની લે-વેંચ કરનારાઓની આગવી ઓળખ માટે પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એવું સમયને અનુરૂપ નામ આપ્યું છે અને તેને ઉમંગભેર વધાવી લેવામાં આવેલ છે. ગઈકાલે મહત્વની આ બેઠકમાં વિશેષ ઉપસ્થિતિ જામકંડોરણા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા રહ્યા હતા. આ ઉપરાંત અતિથી વિશેષ તરીકે જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, ક્રેડાઈના ચેરમેન નિલેશભાઈ ધુલેશીયા, ક્રેડાઈના પ્રમુખ પુનિતભાઈ શર્મા, જૂનાગઢ શહેરના નામાંકિત બિલ્ડરો, રાજકોટના અગ્રણીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જૂનાગઢ પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશનના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. દ્વારકેશ એસ્ટેટના કેવલ ત્રિવેદીએ ગઈકાલની આ બેઠક અંગે પ્રસ્તાવના રજુ કરી હતી તેમજ પ્રોપર્ટી કન્સલ્ટન્ટના કવર નેમ હેઠળ મિલ્કતની લે-વેંચ કરનારા વ્યવસાયોની ઓળખ આપી હતી. એટલું જ નહી આગામી તા.૧૬-૫-૨૦૨૪થી તા.૨૦-૫-૨૦૨૪ દરમ્યાન જૂનાગઢને આંગણે ભવ્ય પ્રોપર્ટી-શોનું આયોજન કરવામાં આવેલ છે. આ એકસપોમાં નવીનતમ ટેકનોલોજી, બિલ્ડીંગ મટીરીયલ્સ, એફોર્ડેબલ હાઉસીંગ, પ્રોજેક્ટ ડિસ્પ્લે તેમજ હોમ ડેકોર પ્રોડકટસનો સમાવેશ કરવામાં આવ્યો છે તેવી જાહેરાત કરી હતી. આ તકે ઉપસ્થિત મહાનુભાવોએ જૂનાગઢ ખાતે યોજવામાં આવી રહેલા ભવ્ય પ્રોપર્ટી-શોના આ આયોજનકર્તાઓને સંપૂર્ણ સહયોગ આપી અને આ કાર્યક્રમને સફળ રીતે યોજવા માટે તમામે સહકાર આપવા ખાત્રી આપી હતી. ગઈકાલે આગામી જૂનાગઢના આંગણે યોજાનારા ભવ્ય પ્રોપર્ટી-શો યોજવાનો હેતુ અને તે અંગેના મંતવ્ય ઉપસ્થિત મહાનુભાવોએ આપ્યા હતા. આ તકે પ્રોપર્ટી-શો લોન્ચીંગ પણ કરવામાં આવ્યું હતું અને સેરેમનીની ઉજવણી કરવામાં આવી હતી. જૂનાગઢના આંગણે પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એસોસિએશન દ્વારા આયોજીત ભવ્ય પ્રોપર્ટી-શોના કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. (તસ્વીર : રમેશ રાઠોડ)

# પર્વત ઉપરની ઉતાસણી : ગિરનાર અને દાતાર પર્વત ઉપર રવિવારે હોળી પ્રગટાવાશે









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ ગીરનાર પર્વતની ટોચ ઉપર બિરાજમાન જગતજનની માં અંબાના મંદિર પરિસરમાં આગળના ભાગે વર્ષોની પરંપરા રહી છે કે પ્રથમ ગિરનાર અંબાજી મંદિર ખાતે હોળી પ્રાગટ્ય થાય પછી જ લોકો હોળીની જ્વાળા જોઈ અને નીચે શહેરમાં હોળી પ્રગટાવતા હોય છે. અંબાજી મંદિરના મહંત શ્રી તનસુખગીરી બાપુની નિશ્રામાં ઉતાસણીની રવિવારે સાંજના માતાજીની આરતી બાદ ઉતાસણી પ્રગટાઓમાં આવે છે. જેમાં ઉતાસણીમાં શ્રીફળનો ઉપયોગ વધારે થાય છે. શ્રીફળ છાણા અને લાકડાની હોળી ખડકવામાં આવે છે અને વિધિ વિધાનથી ઉતાસણીની પૂજા વિધિ બાદ હોળીનું પ્રાગટ્ય થાય છે. તે રીતે દાતાર પર્વત ઉપર પણ દાતારની જગ્યાના મહંત શ્રી ભીમ બાપુની નિશ્રામાં દાતાર ઉપર ઉતાસણી પ્રાગટ્ય થાય છે. જેમાં મેક્સિમમ ગૌશાળાની ગાયોના છાણાંની હોળી ખડકવામાં આવે છે અને પૂજ્ય ભીમબાપુ દ્વારા સાંજના સમયે ઉતાસણીની વિધિવત પૂજા અર્ચના સાથે હોળીનું પ્રગટાવવામાં આવે છે. પર્વત ઉપરની આ બંને ઉતાસણીના દર્શન માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડે છે અને ઉતાસણીના દર્શન કરી ધન્ય બને. પહાડો ઉપરની ઉતાસણીના દર્શન અને એનો લાહો લેવો કંઈક અનેરી જ મજા હોય છે. શ્રદ્ધાળુઓ ઉતાસણીને ફરતા ચાર આંટા ફરી હોળીની પ્રદિક્ષણા કરી અને શ્રીફળ હોમે છે અને પોતાની માનતા પુરી કરે છે. (ફાઈલ તસ્વીર : વિજય ત્રિવેદી)

સૌરાષ્ટ્ર ભુમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

ડો. સંજય કુબાવત

હોસ્પિટલ અને આઈ.સી.સી.યુ.

એમ.ડી. (મેડીસીન)

ભૂતપૂર્વ ફીઝીશ્યન : સિવિલ હોસ્પીટલ, અમદાવાદ

સિવિલ હોસ્પીટલ, જૂનાગઢ

હૃદયરોગ, ડાયાબીટીસ, બ્લડપ્રેશર, ફેફસા, ટી.બી., દમ, પક્ષઘાત, તાવ, વાઈ, થાઈરોઈડ, કીડની, મગજ, પેટ, તથા લોહીનાં દર્દોનાં નિષ્ણાંત

: ઉપલબ્ધ સુવિધાઓ :

- હૃદય રોગનાં દર્દી માટે આઈ.સી.યુ.ની સુવિધા
- હૃદયરોગનાં ધબકારા નિયમિત કરવા માટે ડીફીબ્રીલેટરની સુવિધા
- પલ્સ ઓકસીમીટર દ્વારા શરીરમાં ઓકિસજનનું પ્રમાણ જાણવાની સુવિધા
- શ્વાસ / દમના દર્દી માટે નેબ્યુલાઈઝર મશીનની સુવિધા
- સ્પે. રૂમ, એ.સી. રૂમ, જનરલ બોર્ડ, સેમી સ્પે. રૂમ

યશ બિલ્ડીંગ, બીજો માળ, લાલ બહાદુર શાસ્ત્રી સોસાયટી, એસ.ટી. રોડ, જૂનાગઢ. ફોન : ૦૨૮૫-૨૬૩૬૬૩૦

# જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાને કાયમી આઈપીએસની મંજુરી : અભિનંદનની થઈ રહેલી વર્ષા



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા સહિત રાજયના ૨૩ અધિકારીઓને રાષ્ટ્રપતિ દ્વારા કાયમી આઈપીએસની મંજુરી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. આઈપીએસ તરીકે કાયમી ધોરણે મંજુરી પામેલા આ અધિકારીઓને સર્વત્રથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ ખુબ જ ટુંકા ગાળામાં જૂનાગઢ શહેર અને જીલ્લાની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંગીન બનાવવાના અનેક વિધ પગલાઓ લીધા છે. ઉપરાંત તહેવારોની ઉજવણી, ઉત્સવો, પરિક્રમા, શિવરાત્રીનો મેળો વિગેરે દરમ્યાન તેઓની કાર્યકુશળતા સામે આવી છે. એટલું જ નહી પોલીસ પ્રજાનો મિત્ર છે તે સુત્રને સમગ્ર પોલીસ તંત્ર સાર્થક કરી રહ્યું છે. કાર્યદક્ષ અને બાહોશ અધિકારીની કુનેહભરી કામગીરીના કારણે જૂનાગઢ શહેર અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ યોગ્ય રીતે જળવાઈ રહી છે. યુવાનોને નશીલા પદાર્થોની લતમાંથી છોડાવવા માટે સૌપ્રથમ જૂનાગઢ ખાતેથી રન ફોર જૂનાગઢ કાર્યક્રમ અંતર્ગત ડ્રગ વિરોધી અભિયાન સફળતા પુર્વક હાથ ધરવામાં આવ્યું હતું અને જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની આ કામગીરીની ગૃહ વિભાગ તેમજ સરકારે પણ નોંધ લીધી હતી. દરમ્યાન ગુજરાતમાં ૨૩ જેટલા અધિકારીઓને રાષ્ટ્રપતિ દ્વારા કાયમી આઈપીએસ કેડરમાં લેવા માટેની મંજુરી આપવામાં આવી છે. ત્યારે જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાનો પણ તેમાં સમાવેશ થાય છે. જૂનાગઢના લોકપ્રિય અધિકારી હર્ષદ મહેતાને કાયમી ધોરણે આઈપીએસની મંજુરી આપવામાં આવી હોવાના સમાચારના પગલે તેમના શુભેચ્છકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. પોલીસ વિભાગ તેમજ શુભેચ્છકો દ્વારા તેઓને

# જૂનાગઢમાં પાનની દુકાનમાં વિદેશી સિગારેટ, હુક્કાનું વેંચાણ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૨

જૂનાગઢમાં વાડલા ફાટક ખાતેની રજવાડી હોટેલની પાનની દુકાનમાં એસઓજીએ દરોડો પાડી વિદેશી બનાવટની સિગારેટ, હુક્કા, ફલેવર વેંચાણનો પર્દાફાશ કરી રૂપિયા ૨૦૮૦૦નો મુદ્દામાલ કબજે લઈ હોટેલ સંચાલકની અટક કરી હતી. વાડલા ફાટક ખાતે આવેલ રજવાડી હોટેલનો સંચાલક યુસુફભાઈ હુસેનભાઈ કચરા પોતાની પાનની દુકાનમાં વિદેશી બનાવટની સિગારેટ તેમજ હુક્કા અને તેની ફલેવરનું ગેરકાયદે વેંચાણ કરતો હોવાની માહિતી મેગા ઓપરેશન ડ્રાઈવ દરમ્યાન મળતા જૂનાગઢ એસઓજીના સ્ટાફે દરોડો પાડી અંગ્રેજી કે ભારતીય ભાષમાં ચેતવણી દર્શાવેલ ન હોય તેવા ગેરકાયદેસર સિગારેટના પેકેટ ૧૩૪, અલગ-અલગ હુક્કા ફલેવર એસેસરીઝ તેમજ તેનો સરસામાન તથા કાચના ૫ હુક્કા મળી આવતા કુલ રૂપીયા ૨૦,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. હોટલ સંચાલક યુસુફભાઈ કચરાની અટકાયત કરી તેના વિરૂધ્ધ વંથલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવતા ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેકટ્રોનિકસ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.